# વિલાયત અકલ અને સમજણ માટે એક પ્રકાશિત ચિરાગ

ડો. ઇકબાલની વિલાયત બાબતની માન્યતાએ કોઈ ન કોઈ ખુણામાંથી અથવા કોઈ ન કોઈ ઈલ્મી શોધખોળ (રીસર્ચ)ની હદોથી તેમની ફિક્ર ઉપર ઊંડી અસર કરી છે.

અલ્લામાં માસુમીન (અ.મુ.સ)નાં ઇલ્મ તેમની શ્રેષ્ઠતા અને સંપૂર્ણતા સાથે એક ખાસ સંબંધ ધરાવતા હતા, આ સંબંધના કારણે તેમણે નવી નવી પરિભાષાઓ બનાવી છે, જે તેમના અકીદાઓનું પ્રતિબીંબ છે અને જેના જાહેર થવાથી તેમના અશઆરમાં વિલાયતની વિશિષ્ટતાઓ તરફ ઈશારો જોવા મળે છે અને આજ શાયરીને તેમણે ઉમ્મતે મુસ્લેમામાં વિલાયતના પ્રચારનું માધ્યમ પણ બનાવ્યું છે. જેમ કે આપ ફરમાવે છે કે

*અકલ સીય્યાર (છેતરનાર) છે, 100 લિબાસ બનાવી લે છેઈશ્ક બિચારો ન મુલ્લા (જ્ઞાની)છે, ન ઝાહીદ (દુનિયા છોડનાર) ન હકીમ (ફિલોસોફર)*

જાહેરી રીતે અલ્લામાંના આ શેરમાં અકલ ઉપર વ્યંગ કરવામાં આવ્યો છે. જાણે કે અકલ અને ઈશ્ક બંને વિરોધાભાસી તત્વો છે. ઈશ્ક ઉપર અગર અકલ પ્રભુત્વ મેળવી લે તો ઈશ્ક ખત્મ થઇ જાય છે અને તે કરોળિયાના જાળામાં ફસાય ગયેલી શિકારની પરિસ્થિતિમાં મુકાય જાય છે. જ્યારે કે ઇસ્લામી તઅલીમાત અકલની બુનિયાદ ઉપર છે, ઇસ્લામ પ્રમાણે સૌ પ્રથમ ખાલીકે અકલને પૈદા કરી. પછી તેને હુકમ આપ્યો આગળ વધ, તો તે આગળ વધી. પછી કહ્યું પાછળ જા તો તે પાછી હટી ગઈ અને પછી તેને ફરમાવ્યું કે કસમ છે, મને મારી ઇઝઝતો જલાલની મેં કોઈ પણ મખ્લુક તારાથી વધારે શ્રેષ્ઠ પૈદા નથી કરી. હું તને જ હુકમ આપીશ અને મનાઈ કરીશ અને તારા જ માધ્યમથી સવાબ આપીશ અને સઝા કરીશ.

તમામ મુસલમાનોનો અકીદો છે કે ખાતેમુલ મુરસલીન (સ.અ.વ)ના નુરને અલ્લાહે સૌથી પહેલા ખલ્ક કર્યું અને તેઓજ અકલે કુલ છે. તો પછી અલ્લામાં કઈ અકલની વાત કરે છે કે જે ઝોહદનો, મુલ્લાનો અને હિક્મતનો લિબાસ બદલતી રહે છે અને ઈશ્ક તેનાથી પર છે કારણ કે અલ્લામાં એક ફલસફી શાએર હતા કે જેઓ પોતાની શાયરી વડે ઇસ્લામનો તે પૈગામ પહોચાડવા માંગતા હતા કે જે ઈલ્મ અને અમલ બંનેમાં સમાયેલો હોય એટલે કે એક બીજાના પુરક હોય એવા સંજોગોમાં તેઓ અકલનાં વજુદને તે અર્થમાં નથી જોતા જે અર્થમાં મૌલા અલી (અ.સ.) એ ફરમાવ્યું કે મોઆવિયા પાસે અકલ ન હતી પરંતુ તે મક્કારી (નકરા) છે જે અકલની જેવી લાગે છે, બિલકુલ તે રીતે તે ઈન્સાની ફિક્ર ઉપર અસર કરે છે અને તેને મકસદની પ્રાપ્તિ માટે પ્રેરે છે અને આ સંબંધે તે પોતાની બધી જ ક્ષમતાઓનો ઉપયોગ કરવા માટે જાએઝ અને નાજાએઝ, ઝુલ્મો, સિતમ અને પછી ઝખ્મ પર મરહમ, કત્લ અને ખૂન વહાવવું અને સત્તા પ્રાપ્ત કરવા માટે અથવા તેને બચાવવા માટે દરેક પ્રકારના મક્રો ફરેબ તેમજ ડર અને દેહશતના રસ્તાઓ બનાવી લે છે.

અગર અલ્લામાં ઇકબાલ અકલને આ અર્થમાં અને સમજણમાં નથી રજુ કરી તો પછી તે કઈ અકલ છે કે જે ઝાહીદ પણ છે, મુલ્લા પણ છે અને હકીમ પણ છે પરંતુ ઈશ્કની સામે તેની કોઈ વિસાત નથી ધરાવતી કારણ કે અલ્લામાં માસુમીન (અ.મુ.સ)ની તાલીમાતથી સારી પેઠે વાકેફ હતા અને તેમની તબ્લીગના સિદ્ધાંતોથી સુમાહિતગાર હતા અને કેહતા આ

*કુરઆનના રહસ્યો અમે હુસૈન (અ.સ.)થી શીખ્યા છીએ અને તેની આગથી હું સળગેલો છું.*

કદાચ આના આધારે જ હક વાત લોકો સુધી પહોચી જાય એટલે કે અકલની પરીપુર્ણતાને કોઈ આગેવાનની સાથે સાંકળી/તોલી હોવાનો ઈશારો કર્યો છે અને ઈશ્કને વિલાયતના સમાનાર્થી તરીકે રજુ કર્યું છે, જ્યાં અકલ તેની સંપૂર્ણતા તરફ ઉડે છે ત્યાં કોઈ માસુમ રાહનુમાંના માર્ગદર્શનમાં અકલને એક એવા મોઅલ્લીમની જરુરત છે, જે અકલે કુલનો વારીસ હોય અને તે એટલે કે અકલવાળો તેનાથી મજબુત રીતે જોડાયેલો રહે અને ઈશ્કને ગળે લગાડી છે એટલે આના હેઠળ ફરમાવે છે,

*બે ખતર કુદ પડા આતિશે નમરુદમેં ઈશ્કઅકલથી મેહવે તમાશાએ લબે બામ અભી*

અલ્લામાં મજ્લીસી (અ.ર) એ ઈશ્ક વિષે ફરમાવ્યું કે એવી ભરપુર મોહબ્બત કે જેમાં કોઈ કમી કે ઉણપ ન હોય અને ઈશ્કે હકીકી એટલે સચ્ચાઈ, યકીન, વફા, સબ્ર અને મક્કમતા. અકલ કહેતી હતી કે ઈબ્રાહીમ (અ.સ.) સળગીને રાખ થઇ જશો જ્યારે કે હકની વિલાયત આ ફેસલાથી બેનીયાઝ (સ્વતંત્ર) હતી. કોઈ ફિક્ર (ચિંતન) વચ્ચે આવ્યું ન હતું એટલે કે હજુ અકલની પૂરી રીતે આંખો ખુલી ન હતી. નહિંતર તે આ દ્રશ્ય જોઇને અચંબામાં ન પડતે એટલે કે અકલ ખૈરથી દુર ન હતી, પરંતુ તેનો રસ્તો શોધી રહી હતી, જ્યારે તેણે પોતાના કમાલને જોયો કે જેને ઈશ્ક અથવા વિલાયત કહે છે તો તે અચંબામાં ડૂબી ગઈ.

ખરેખર જોવામાં આવે તો જેવી રીતે ઝમીન અગર ફળદ્રુપ છે, તો કેસરની સુગંધ લઈને છોડ બહાર આવે છે. પરંતુ અગર આ ઝમીન ફળદ્રુપતાની સાથોસાથ પોતાનામાં કેસરની ખેતીના ગુણ અને લાક્ષણીક્તાઓ ધરાવતી હોય તો વિલાયત આવા જ માધ્યમો અને પરિબળો વડે આખેરતમાં શ્રેષ્ઠ ખજાનો જમા કરે છે ત્યારે દિલની ઝમીનમાં વિલાયતની રોશની અને કિરણ પૈદા થઇ જાય છે.

રીવાયતમાં છે કે જ્યારે ગોફણ (મીંજનીક/ચકડોળ)માંથી ઈબ્રાહિમ (અ.સ.)ને ચારેય બાજુ ફેલાયેલી આગમાં નાખવામાં આવી રહ્યા હતા ત્યારે જનાબે જીબ્રઈલ આવ્યા અને ફરમાવ્યું: અય ઈબ્રાહીમ (અ.સ.) શું હું તમારી મદદ કરૂ?

જનાબે ઈબ્રાહીમ (અ.સ.)એ જવાબ આપ્યો કે જ્યાં સુધી અલ્લાહ તઆલાની મરજી (રાજીપો) ન જાણી લઉં ત્યાં સુધી કોઈ મદદ નહિ માંગુ. જાણ કે આ અકલ અને ઈશ્કની વચ્ચેનું ઇમ્તેહાન (કસોટી) હતી. જનાબે ઈબ્રાહિમ (અ.સ.)એ ઈશ્કે વિલાયત અને મન્સબે નબુવ્વતની વચ્ચે સંબંધ જોડેલો હતો. આગની જવાળાઓ સળગાવવા માટે તૈયાર હતી અને જીબ્રઈલ જાણે ખુદાવંદે અઝ્ઝ વ જલ્લની તરફથી કસોટી કરી રહ્યા હતા કે અકલ વિલાયતના સર્વશ્રેષ્ઠ દરજ્જા ઉપર પોતાની મનસબી જવાબદારી (નબુવ્વત)ને અદા કરે છે. આજ વિલાયત તે કિંમતી હીરો હતો કે જેણે જીબ્રઈલ જેવા ફરીશ્તાને અચંબામાં નાખી દીધા અને પાછા ફરવા માટે મજબુર કર્યા.

તે પણ એક હકીકત છે કે જ્યારે ઈમામે હુસૈન (અ.સ.) રસુલે અકરમ (સ.અ.વ.)ના કથન પ્રમાણે ‘અના મેનલ હુસૈન’હું હુસૈન (અ.સ.) થી છું નાં ઉદાહરણ હતા. જ્યારે તેઓ ઝાલીમો સાથે જંગ કરી રહ્યા હતા અને જંગ તેના શિખર ઉપર હતી અને યઝીદના લશ્કરવાળાઓ કુફાની દીવારો સાથે ટકરાતા હતા એટલે કે હુસૈન (અ.સ.)નો એવો જબરદસ્ત હુમલો હતો. સુરજ પોતાની સંપૂર્ણ આગ વરસાવી રહ્યો હતો ત્યારે જનાબે જીબ્રઈલે ચાહ્યુ કે હુસૈન (અ.સ.) પર પોતાની પાંખોનો છાયો કરે ત્યારે હુસૈન (અ.સ.)ના યકીન અને વિલાયતના હીરા વડે ચમકતા કપાળ ઉપર અણગમાના ચિન્હો જાહેર થયા

અને આપ (અ.સ.)એ ફરમાવ્યું કે : જીબ્રઈલ મારા અને ખાલીકની દરમિયાનથી હટી જાવ. આ કસોટીનો સમયે જીબ્રઈલ હટી ગયા અને કદાચ તેજ સમયે આસમાનથી આવાજ આવ્યો.

يَا أَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ   ارْجِعِي إِلَىٰ رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً   فَادْخُلِي
فِي عِبَادِي وَادْخُلِىْ جَنَّتِىْ

*"અય નફસે મુતમઈન્નાહ તું તારા પરવરદિગાર તરફ પાછો ફર એવી સ્થિતિમાં કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી (રાજી હોય), માટે તું મારા ખાસ બંદાઓમાં દાખલ થઇ જા, અને મારી જન્નતમાં દાખલ થઈ જા.*

(સુ.ફજ્ર આયત 27-30)

આ લેખને પૂર્ણ કરીએ અને તેના તારણ પર આવીએ તો ઓછામાં ઓછી અકલ રાખનારને પણ તે સમજમાં આવી જશે કે જવહરે વિલાયતની રોશની પ્રાપ્ત કરવા માટે આંગણથી છત સુધી આગળ વધો. અગર પોતાના વજુદમાં સંપૂર્ણ દરિયાએ વિલાયતને ન લાવી શકો તો પોતાની ક્ષમતા પ્રમાણે તેનાથી ફાયદો તો મળી જાય વળી તમે ખુદ કેહવા લાગશો:

*હિંમત અય ઝહને રસા હદ્દે યકીન સે ગુઝર તૌડ દે દામ કો અય હોંસલાએ બાલો પર*

પરંતુ આ સમજનારા ઝહનમાં ઉચ્ચ વિચારો કેવી રીતે પૈદા થાય? તેના માટે તેમાં ઇલ્મનો ચિરાગ રોશન કરવો પડશે જે ફક્ત બાબે ઈલ્મથી જ પ્રાપ્ત થઇ શકે અને જ્યારે તે ઈલ્મના ઘરના પ્રકાશમાં આવી જાય છે અને વિલાયતના જૌહરની રોશનીથી ફાયદો મેળવે છે તો તેના યકીનમાં મજબુતી આવે છે. સચ્ચાઈ અને પવિત્રતા તેની ફિતરતમાંથી ટપકવા લાગે છે અને જ્યારે કે તે સચ્ચાઈ, યકીન અને પવિત્રતાની સાથે શહેરે ઈલ્મમાં હાજર થાય છે તો વફાદારીના રસ્તા પર ચાલીને આગળ વધે છે. જેના માટે ડો. ઇકબાલ કહે છે કે

*કી મોહમ્મદ (સ.અ.વ.) સે વફા તુને તો હમ તેરે હૈ        યે જહાં ચીઝ હૈ ક્યાં લવ્હો-કલમ તેરે હૈ*

શું આ વફાદારી અકલ વિના શક્ય છે? અહી ઇલ્મનો ચિરાગ અકલ છે, જેની રોશની અને પ્રકાશ વિલાયતની ક્ષિતિજ ઉપર છવાય જાય છે.

કેટલા સાચા કેટલા અઝીમ અને બલંદ મકામવાળા મારા મૌલા અલી (અ.સ.)છે કે જેમણે ફરમાવ્યું: ઇન્સાન એક જીંમે સગીર (નાનો જીવ) નજર આવે છે પરંતુ તેના વજુદમાં એક વિશાળ દુનિયા સમાયેલી છે તંગદિલ લોકોએ જ્યારે વિલાયતે અલી (અ.સ.)થી મોઢું ફેરવી લીધું છે તો તેઓ પોતાની આ ખુબ જ કિંમતી પુંજીથી વંચિત થઇ ગયા અને કાએનાતમાં ફિત્ના અને ફસાદની આગ લગાડી દીધી. મને ખુબ જ આશ્ચર્ય થયું કે જ્યારે મેં અબ્દુલ કાદિર તાહિર જેવી દીર્ધદ્રષ્ટિવાળા, શરહ કરનાર, તફસીરકાર, સંશોધકના પ્રથમ હરોળના ઉસ્તાદોમાં બેસનારાઓમાથી એકનું કથન સાંભળ્યું: કારણ કે ઉલીલ અમ્રની આગળ ‘અતિઊ’નો શબ્દ દોહરાવવામાં નથી આવ્યો તેથી આ ઉલીલ અમ્ર શરતી છે એટલે કે અગર યોગ્ય લાગે તો ઇતાઅત કરો, નહિ તો છોડી દયો, આ અર્થઘટનથી મુસલમાનો માટે રસુલ (સ.અ.વ.)ની તાલીમ બાબતે ઘણા રસ્તાઓ બનાવી નાખવામાં આવ્યા, જેઓ એકબીજાથી મળશે નહિ. આજ હાલ ત્યારે થયો કે જ્યારે અલ્લાહના રસુલ (સ.અ.વ.) એ કલમ અને કાગળ માંગી રહ્યા હતા અને મુસાવીરે ફિતરત ખ્વાજા હસન નીઝામીએ લખ્યું કે ઉમરે વિરોધ કર્યો અને કહ્યું કલમ અને કાગળ આપતા નહિ, નહિંતર તેઓ અલી (અ.સ.)ની ખિલાફત વિષે વસીય્યત કરી દેશે.

સમજમાં નથી આવતું કે લેખકો અક્લમંદો અથવા એહલે કલમની ફિક્રની રોશની ક્યાં ચાલી ગઈ. આ કેટલું આશ્ચર્ય પમાડનાર છે કે રસુલે અકરમ (સ.અ.વ.)ની અંતિમ વસીય્યતનો સ્પષ્ટ ઈન્કાર કરવા છતાં તેઓ મહાન રહ્યા અને માનનીય રહ્યા અને ઉમ્મતને ઈશ્કે (વિલાયતે) રસુલે અકરમ (સ.અ.વ.)નો પ્રકાશ દેખાડતા રહ્યો.

આજ વિલાયતની વિરુધ્ધ તો તાગુતી શક્તિઓએ ફીત્નાઓ ફસાદના પહાડ ઉભા કરી દીધા. ના જાણે આ મુખ્લીસ વિલાયત ધરાવનારા કેટલાય વફાદાર સહાબીઓને જંગે સીફ્ફીનમાં બેગુનાહ કત્લ કરી નાખવામાં આવ્યા. આજ વિલાયતથી વંચિત થવાના કારણે હુકુમતો બનાવવાનો, મસ્લેહતોને ધ્યાનમાં રાખવાનો, રાજનીતિઓ રમવાનો અને ફિત્ના ફસાદના એવા ખતરનાક કીટાણુઓ પૈદા થયા કે કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.)ને કેહવું પડ્યું કે તમે એટલે મારી વાત નથી સાંભળી રહ્યા કારણ કે તમારા પેટ હરામથી ભરેલા છે.

તે વાત સાચી છે કે વિલાયતના રસ્તા ઉપર ચાલવું ઘણું મુશ્કિલ કામ છે પરંતુ અગર મજબુત ઈરાદો હોય, જુરઅત હોય, અકલ હોય, યકીન હોય, વફાદારી હોય તો કોઈપણ મુશ્કેલી એવી નથી કે જે આસાન ન થાય. આવો જરા એક નજર ઉમ્મતે મરહુમા તરફ કરીએ જ્યાં તેમાં ઘમંડ, મુનાફેકત, રોઝીની તંગી, સબ્ર અને સંતોષના ક્ષેત્રે રોનક વિનાના ચેહરાઓ, ઈલ્મ, ઝોહદ અને તકવાની તરફ રજુ ન થવું અને સમયને મુનાફેકતની વાતોમાં વિતાવવી.

આવા ઘણા બધા કડવા સત્યો છે, જે સમાજમાં નજરે પડે છે. દરસ આપવાવાળા મૌજુદ છે પણ દર્સ લેનારા ગાએબ છે. ગામે ગામ, શહેરે શહેરે અગર વસ્તીમાં જશો તો મોટાભાગના લોકો દીની ઇલ્મની મીઠાશથી વંચિત છે.

વલીએ અસ્ર (અ.ત.ફ.શ.) ગૈબના પરદામાંથી બધુજ જોઈ રહ્યા છે. તેઓ ખલીફતુલ્લાહ અને હુજ્જતે ખુદા છે. તેમની વિલાયત વાજિબ અને લાઝીમ છે. હવે જ્યારે વિલાયત ઉપર યકીન રાખનારાઓ પોતાની દીવાલને બુરાઈના શરતી ઉધઈથી પડતા જુવે તો તેઓને લઘુતાગ્રંથીનો અનુભવ સિવાય બીજું શું છે? શું ઉમ્મીદ ફાઝેલીના શબ્દોમાં કૌમ આ પંકિતની રોશનીમાં તાદ્રશ્ય છે કે નહિ જેને હું અહી લખી રહ્યો છું

*ઇલ્મ એક રાસ્તાએ એહસાસ સે મઅલૂમકી સીમ્ત,*
*ઇલ્મ લાઝીમ કા સફર જલ્વએ મલઝૂમકી સીમ્ત,*
*ફીક્રો પરવાઝ હૈ અલ્ફાઝસે મફહુમ કી સીમ્ત*
*ઇલ્મ હર લમ્હા રવાં ઈસ્મ સે મવસૂમકી સીમ્ત*
*કબ મોહમ્મદ કે યે દામન સે જુદા હોતા હૈ*
*બુએ ગુલ કે લિયે યે મીસ્લે સબા હોતા હૈ*

તમામ સાહેબાને લુત્ફે આમ માટે એ દાવતે ફિક્ર છે કે અગર એવું છે તો વિલાયતની રોશની કૌમની કામયાબી અને નજાત છે અને આખેરતના ભાથાનું ભેગું થવું તેનું પરિણામ છે અને અગર એવું નથી તો આપણે બધાએ દરેક વ્યક્તિએ પોતાના વજુદને પોતાના કિરદારને પોતાના અમલને ટૂંકમાં પોતાની ફિતરતમાં એક બારીક અવલોકન કરવું પડશે કે શું વિલાયતના કિંમતી હીરાથી આપણે

આપણા અસ્તિત્વને શણગાર્યું છે કે પછી આ ખુબ જ કિંમતી ઇલાહી નેઅમતથી આપણે ફાયદો નથી ઉઠાવી રહ્યા?

ઈમામે વક્ત (અ.સ.)થી દોઆ કં છું કે તમે કરીમ ઇબ્ને કરીમ છો, તમે ચાહો તો તમારી વિલાયત અમારા કૌમની દરેક વ્યક્તિમાં સમાય જાય. આપના માટે અમો દિવસ રાત કહીએ છીએ યા હુજ્જતલ્લાહ વલીય્યહુ ફી અર્ઝેહી વ બેલાદેહી. તેથી આપની એક નિગાહે કરમ અમારી કૌમની કિસ્મતને બદલી નાખશે મૌલા કઈ હોય ન હોય પરંતુ એટલું જરુર છે કે અમો તમારી જેમ તો આપના જદ્દ હુસૈન (અ.સ.) ઉપર રડતા નથી પરંતુ કઈ ન કઈ તો અમે અઝાદારાને હુસૈન (અ.સ.)હક્કે સોગવારી અદા કરી દઈએ છીએ. આપના જદ્દે મઝલુમ ઉપર રડનારી કૌમ પર પોતાની મહેરબાનીનો છાયો કાએમ રાખજો, જેથી અમે ઝીલ્લતના તડકામાંથી બચીને ઇઝ્ઝતના ઠંડા છાયામાં શ્વાસ લઈએ અને મૌલા આ ત્યારે જ શક્ય છે કે જ્યારે આપની વિલાયતની ચમક તેની કોઈ કિરણ અમારા વજુદને રોશન રાખે.

મૌલા આ એ ઝમાનો છે કે જ્યાં જુદી જુદી વિચારધારાઓના બેશુમાર કેન્દ્રો અને મરકઝોથી દુનિયા ભરાય ગઈ છે અને વિલાયતના દરવાજાથી હટાવવાના દરેક પ્રકારના પ્રયત્નો દુશ્મનોની તરફથી થઈ રહ્યા છે, પરંતુ આપનો એ લુત્ફો કરમ છે કે અમે તમારા દરથી એવી રીતે જોડાઈ ગયા છીએ કે કોઈ અમને તમારા દરથી અલગ નથી કરી શકતું અય અલ્લાહ મારા ઈમામના ઝહુરમાં જલ્દી કર.

મારા આકા અમારી નજરો રાહ જોતા જોતા દરેક પળે એવું મેહસુસ કરે છે કે ફ હાઝા અલીય્યુન મૌલાની હુકુમતના આખરી તાજદાર (વારસદાર) જે હકની વિલાયતના વારસદાર છે, ઝહુરનો પ્રકાશ ફેલાવતા અહીંથી ગુઝરશે અને અમારી અક્લોને સંપૂર્ણતા મળી જશે અને અમે આપના પૂર્વજોની તઅલીમાતથી પ્રકાશિત થઈને આપની સાથે જ પોતાના સંપૂર્ણ અસ્તિત્વ વડે આપની મદદમાં શામિલ થઇ શકીશું ....

અદરીકની યા સાહેબઝ્ઝમાન.

# શહીદે સાલીસ કાઝી નુરુલ્લાહ શુસ્તરી (નુરુલ્લાહો મરકદહ)

લેખક: એહકાકુલ હક્ક વ ઇઝહાકુલ બાતીલ

નવા ટેકનોલોજીના યુગમાં આખી દુનિયામાં હકારાત્મક (સારા) સંકેતોની સાથે નકારાત્મક પરિણામો પણ દેખાઈ રહ્યા છે. નવી ટેકનોલોજીની આડઅસરમાંથી એક એ છે કે નવી યુવાપેઢીનું પોતાના આદાબ અને સામાજીક વાતાવરણથી અલગ થઈ જવું અને પોતાની ઓળખાણને ખોઈ બેસવી પણ છે.

હકીકતમાં આ યુવાપેઢી પોતાની જ ઓળખાણથી અપરિચિત થઇ ગઈ છે. જેવી રીતે આપણા મહાન આલિમોમાંથી થોડા આલિમો સિવાય બીજા કોઈ ઓલમાની ઓળખાણ કે તેનાથી પરિચિત નથી અને અગર કોઈનાથી પરીચીત પણ છે તો તે ફક્ત થોડો ઘણો પરિચય હોય છે. એટલે કે તેમની કિતાબના હવાલાથી અથવા કોઈ જગ્યાએ તેમનો ઝીક્ર સાંભળી લે છે તો તેની ઉપરછલ્લી જાણકારી મળી જાય છે. બીજી નકારાત્મક અસર અને પરિણામ એ છે કે ઇલ્મને ફક્ત આર્થિક બાબતો પુરતુ માર્યાદિતકરી દીધું છે. જેના લીધે આજના ઝમાનામાં આલિમો અને બુધ્ધિશાળીઓ માટે આ વાત આશ્ચર્યજનક અને પરેશાનીરુપ છે કે એક આલીમે દીન અડધી રાતે મુશ્કિલ હાલાતોમાં પોતાની અકલ, ફિક્ર અને ઇલ્મના પરિણામને ખુબજ કાળજી અને ખંત દ્વારા તેને કાગળ પર લખે છે. તે પણ એ ખ્યાલ વગર કે જાહેરમાં તેનો પ્રોત્સાહન મળે કે તેનો ફેલાવો થશે કે નહિ, ન ફકત એ કે તેમને કોઈ ઉમ્મીદ કે ઈંતેઝાર નથી હોતો કે તેની આ મેહનત અને લખાણોથી કોઈ દુન્યવી ફાયદો મળશે પરંતુ તેનાથી વધીને પોતે તેના તમામ ખર્ચાઓને પહોંચી વળવા માટે પણ તૈયાર રહે છે.

જ્યારે કે નવી યુવાપેઢીને આવો કોઈ મકસદ કે વિચાર નથી કે એક આલીમ ઘણા બધા વર્ષોની ખાલિસ મેહનતના પછી ઈમામતના મહાન હોદ્દાને જીવંત રાખવા માટે પોતાની જાનને હથેળીમાં રાખી પોતાના પુરા વજુદની સાથે કહે છે કે એક દિવસ અગર આપની વિલાયત મારા માટે જાનની બલા બની જાયતો યા અલી (અ.સ) હું આ બલાને આપની વિલાયતના બદલમાં ખરીદી લઈશ.

કાઝી નુરુલ્લાહ મરઅશી શુસ્તરી ઇલ્મ, જેહાદ અને શહાદત આપનાર મર્દોમાં તેમનો શુમાર થાય છે. એક જવામર્દ કે જેમણે મેદાદે ઓલમાંઅ (ઓલમાંની કલમ)ને દીમાંએ શોહદાઅ (શહીદોના લોહી)થી મેળવી દીધી અને બલ અહયાઅ (હંમેશા જીવંત)નો ગૌરવભર્યો મરતબો મેળવ્યો.

કાઝી નુરુલ્લાહ શુસ્તરી ખાલિસ મુદર્રીસ, મહાન ફકીહ અને કાઝી (ન્યાયધીશ) હતા. અડધી રાતના સમયને દુનિયા અને તેની લઝઝતોથી દુર થઈને કબુલ થવાવાળી ઇબાદતોમાં ગુઝારતા હતા.

આપે લખેલી કિતાબો જેવી કે એહકાકુલ હક્ક, મજાલીસુલ મોઅમેનીન, મસાએબુન્નવાસીબ અને સવારેમુલ મોહર્રેકા વગેરે આજ પણ ઉપલબ્ધ છે. જ્યારે કે આપનાથી કોઈએ આની પ્રકાશન કરવાની કે ફેલાવવાનો વાયદો કર્યો ન હતો પરંતુ ઈતિહાસ ગવાહ છે કે આપની ખુલુસતાની બરકતો અને આપ ઉપર મૌલાની બરકતોને લીધે આપના ઈલ્મની અસરોની ખ્યાતી બાકી છે અને આપણને ખુલુસતાનો બોધ આપે છે અને તમામ લોકોને પૈગામે ઇલાહીની યાદદહાની કરાવે છે.

وَمَن يَتَّقِ اللهَ يَجْعَل لَّهُ مَخْرَجًا
وَيَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ

"જે શખ્સ અલ્લાહથી ડરશે તેના માટે અલ્લાહ છુટકારાનો માર્ગ કરી દેશે અને તેને એવા સ્થળેથી રોઝી પહોંચાડશે કે જ્યાંથી તેને ગુમાન પણ નહિ હોય.

(સુરએ તલાક, આયત 2 અને 3)

કાઝી નુરુલ્લાહ શુસ્તરીએ અડધી રાત્રીઓ સુધી જાગીને અઈમ્માહ (અ.મુ.સ)નાં નુરના પરચમને લહેરાવ્યો હતો કે જેથી પોતાની ફરજ (અલ્લાહની મદદ)ને અદા કરે અને ખુદાએ હકીમે પણ પોતાના મદદના વાયદાને પુરો કર્યો.

يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُوْا إِنْ تَنْصُرُوْا اللهَ
يَنْصُرْكُمْ وَيُثَبِّتْ أَقْدَامَكُمْ

"અય ઇમાન લાવનારાઓ ! અગર તમે અલ્લાહ (ના દીન)ની મદદ કરશો તો તે પણ તમારી મદદ કરશે, અને તમારા પગ જમાવી દેશે.

(સુરએ મોહમ્મદ, આયત 7)

અમોએ ઉપરોક્ત વાત જે નવી યુવાપેઢીનાં આદાબ, રીતભાત, સામાજીક વાતાવરણથી અજાણ હોવા વિષે કરી છે તે એ નવી યુવાપેઢી છે કે જે કાઝી નુરુલ્લાહ શુસ્તરી જેવા મહાન આલીમથી અજાણ છે. આપણા હિન્દુસ્તાનમાં આટલા મહાન શહીદની મઝાર (કબ્રે મુબારક) આગ્રામાં છે પરંતુ આપણી નવી પેઢીનું ધ્યાન તેના તરફ નથી. અગર કોઈ થોડા લોકો આ શહીદ આલીમ વિષે જાણે પણ છે તો ફક્ત એટલુજ કે તેમની કબ્રે મુબારક આગ્રામાં છે અને વાર્ષિક મજ્લીસનો પ્રોગ્રામ થાય છે. ત્યાં મુરાદો પૂરી થાય છે. એટલા માટે અમુક લોકો તેમની ઝીયારતે જાય છે.

પરંતુ સંપુર્ણ રીતે નવી યુવાપેઢીને તેના કસુરવાર હોવાનું નહી કહી શકાય પરંતુ થોડી ભૂલ એ આલીમેદીનની પણ છે કે જેઓએ આ મહાન શહીદની ઓળખાણ કરાવવામાં પોતાની ઈલ્મી જવાબદારીઓને બરાબર અંજામ આપી નથી.

જેમકે કાઝી નુરુલ્લાહની ખીદમતો જે બેશુમાર છે. પરંતુ ફક્ત થોડી જ કિતાબોની ઓળખાણ કરાવે છે કે જેને આપણે આંગળીઓના વેઢે ગણી શકીએ કે જે પણ અરબી ભાષામાં અને આ ભાષાની જાણકારી ન હોવાના કારણે આપણી નવી પેઢી કાઝી નુરુલ્લાહ શુસ્તરી (અ.ર.)ની અમુલ્ય ખિદમતોથી અજાણ રહે છે.

શહીદે સાલીસ (અ.ર.)નું ખાનદાન:

આ વિષયની વિગતો માટે અમે આ લખાણ ફયઝુલ એલાહ ફી તરજુમતે કાઝી નુરુલ્લાહમાંથી લખ્યું છે. આ આર્ટીકલ લગભગ 68 વર્ષ પહેલા હિ.સ. 1327 માં મોહક્કીકે ફકીહ મર્હુમ સૈયદ જલાલુદ્દીન મોહદ્દીસે અમ્રવી કુદ્દસ સરહનાં હાથે લખાયેલ છે, જે શહીદે સાલીસની કિતાબ અસ્સવારેમુલ મોહર્રેકા ફી નકદે સવાએકુલ મોહર્રેકા નામની કિતાબની પ્રસ્તાવનામાં લખાયેલું છે. આ કિતાબ અરબી ભાષામાં હતી. આથી લોકો આ કીતાબથી ફાયદો મેળવવાથી વંચિત હતા. તેથી લગભગ છ વર્ષ પહેલા સન 1386 શમ્સીમાં (ઈરાની વર્ષ 21 માર્ચથી શરુ થાય છે. ઈરાની વર્ષનો પહેલો મહિનો ફરવરદીન કેહવાય છે. આજ સન 1394 શમ્સી ઈરાની વર્ષ છે એટલે કે 21 માર્ચ 2015થી ઈરાની વર્ષ સન 1394 શમ્સી શરુ થયું છે).

ફાઝીલ મોહક્કીક જનાબ ડોક્ટર આકાએ અબ્દુલ હસન તાલઈ (ખુદા તેમની તૌફીકાતમાં વધારો કરે) તેમણે આ કિતાબ ફારસી ભાષામાં તરજુમો કરવાનો ઈરાદો કર્યો પરંતુ તેમનું સંશોધન અને મહેનત મર્હુમ મોહદ્દીસે અરમુવીના ઈલ્મી માર્ગદર્શન હેઠળ હતી. તે કહે છે કે ડોક્ટર અબ્દુલહમીદ તાલઈની મુલાકાત સન 1991માં પેહલી વાર થઇ. તેમની ઈલ્મી કાબેલીયત અને ખાસ કરીને કિતાબોની ઓળખમાં તેમનું પ્રભુત્વ જોઇને હું ઘણો જ પ્રભાવિત થયો. તેમણે મને ઘણી બધી ફારસી અને અરબી કિતાબોની ઓળખ આપી કે જેમાં ઘણી બધી હદીસો અને રિવાયતોની કિતાબ પણ હતી અને અમુક કિતાબો તેમણે મને ભેટ તરીકે આપી. તેમની કિતાબો અને સંશોધનોનો ઘણો મોટો સિલસિલો છે. અહી તે બધા વિષયો અને કિતાબોનું વર્ણન શક્ય નથી. તેમજ આપ નીચે  મુજબની ઈલ્મી કમિટીઓના સભ્યો પણ છે.

(1) હીયતે ઈલ્મી ગિરોહ કીતાબદારી વ ઇત્તેલ્લાઅ રસાની દાનીશગાહ-કુમ

(2) કમીતે તવલીદે કીતાબ દર પઝોશ્કદહ તાઅલીમ વ તરબીયત

(3) અઝવ્હીયતે મવસીસ વ રઈશ હિયત મદીયરહ અંજુમને કીતાબદારી વ ઇત્તેલાઅ રસાની મશાહખહ ઇસ્નાન કુમ

તારણ એ કે અમે અહી ફયઝુલ એલાહ ફી તરજુમતે કાઝી નુરુલ્લાહનાં ફારસી તરજુમામાંથી કાઝી નુરુલ્લાહ શુસ્તરીનું જીવન ચરિત્ર લખી રહ્યા છીએ.

વંશ:

મોહદ્દીસે અરમુવીએ અલ્લામાં અમીની (અ.ર.)ની કિતાબ શોહદાઉલ ફઝીલહનાં હવાલાથી લખ્યું છે કે અલ્લામાં અમીની (અ.ર.) ફરમાવે છે કે કાઝીનું વંશ આ રીતે છે.

સૈયદ ઝીયાઉદ્દીન કાઝી નુરુલ્લાહ બિન સૈયદ શરીફ બિન નુરુલ્લાહ બિન મોહમ્મદ શાહ બિન મુબરઝદિન મન્ઝત બિન હુસૈન બિન નજમુદ્દીન મોહમ્મદ બિન એહમદ બિન હુસૈન બિન મોહમ્મદ બિન અબી મુફાખર બિન અલી બિન એહમદ બિન અબી તાલિબ બિન ઈબ્રાહીમ બિન યહ્યા બિન હુસૈન બિન મોહમ્મદ બિન અબી અલી બિન હમ્ઝાહ બિન અલી બિન હમ્ઝાહ બિન અલી અલ મરઅરા બિન અબ્દુલ્લાહ બિન મોહમ્મદ (સીયાકનો લકબ ધરાવનાર) બિન અલ્ હસન બિન હુસૈનીલ અસગર બિન અલ્ ઈમામ અલી ઝયનુલ આબેદીન બિન અલ્ ઈમામ હુસૈન બિન અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.).

વિલાદત:

વિલાદતની તારીખ વિષે એટલુ મળે છે કે આપ હિજરી સન 956માં ઈરાનનાં શહેર શુસ્તરમાં પૈદા થયા શુસ્તરને અરબી કિતાબોમાં તુસ્તર લખવામાં આવે છે.

તાઅલીમ (શિક્ષણ):

શરુઆતની તાલીમ ઉલુમે અકલી અને કુરઆન અને હદીસોનું ઇલ્મ તેમણે પોતાના વાલીદથી તેમના વતન શુસ્તરમાં જ લીધુ હતું. આપના ઉસ્તાદોમાં મીર સફીયુદ્દીન અને મીર જલાલુદ્દીન મોહમ્મદ સદ્ર પણ હતા.

મશહદમાં પ્રવેશ:

લગભગ 23 વર્ષની ઉમ્રમાં હિજરી સન 979માં શુસ્તરથી ઝીયારત માટે અને વધારે ઈલ્મ હાંસિલ કરવા અને તઝકીએ નફસ માટે મશહદે મુકદ્દસે રીઝવી તરફ રવાના થયા અને માહે મુબારકે રમઝાનમાં મશ્હદ પહોચ્યા અને દીનનું ઇલ્મ અને હકાએકની ઊંડી સમજણ માટે કાર્યરત થઇ ગયા.

મશહદમા આપ (અ.ર)એ મશહુર આલીમેદિન મૌલાના અબ્દુલ વાહીદ બિન અલી કુદ્દ્સ સરહનાં દર્સમા શિરકત કરી.

કાઝી નુરુલ્લાહના ફરઝંદ એલાઉલમુલ્કે તેમની કિતાબ મહેફીલે ફીરદોસમાં પોતાના વાલીદના ઉસ્તાદ અબ્દુલ વાહીદનો ઝીક્ર આ રીતે કર્યો છે. અલ મવલલ મોહક્કિક અલ તહરીર વલ બહ્ર અલ ગઝીર અબ્દુલ વાહીદ બિન અલી (કુદ્દ્સ સરરહમાં)ની અકલ તેમજ છેવટ સુધીની મેહનત ફાયદામંદ હતી. તેમજ આપની ફિક્ર બલંદ હતી આપનો નફસ ઇસ્લામની શરીઅત અને કાનૂનોને હાંસીલ કરવા માટે ઇલ્હામથી જોડાયેલ હતો અને આપની ઊંડી સમજણ દરેક અકલોને ચુપ કરી દેતી હતી.

મૌલાના અબ્દુલ વાહીદ સિવાય કાઝી કુદ્દ્સ સરહના બીજા ઉસ્તાદો પણ મશહદમાં હતા, જે આપણને એલાઉલમુલક તેમના પુત્રના લખાણ પરથી જ ખબર પડે છે. તે કહે છે કે આપ (કાઝી નુરુલ્લાહ સાહેબ) સંશોધનકાર મૌલાના અબ્દુલ વાહીદ અને બીજા અલગ અલગ ઉસ્તાદોથી ફાયદો હાસિલ કરતા હતા.

આવી જ રીતે ખુદ પોતે કાઝી સાહેબ મજાલેસુલ મોઅમેનીન નામની પોતાની કિતાબના સાતમાં પ્રકરણના અંતમાં મોહક્કીકે દવાનીની ઝીંદગી અને તેના લખાણોનો ઝીક્ર કયર્િ પછી ફરમાવે છે કે

આ તમામ ઉપરોક્ત કાર્યો જે તેમની (મોહક્કીકે દવાની) કલમનાં કારણે છે, જે મારા ઉસ્તાદો કે જેમની લાંબા સમય સુધી મેં એમની શાગીર્દીમા ગુઝારી છે તેમના કારણે છે.

ખુલાસો:

કાઝી સાહેબના બીજા ઉસ્તાદ મોહક્કીકે દવાનીના શાગીર્દોના શાગિર્દમાંથી છે. આપે મૌલાના અબ્દુલ વાહીદથી ફીકહ, ઉસુલ, કલામ, હદીસ અને તફસીરનું ઇલ્મ હાસિલ કર્યું. મોહમ્મદ અદીબ કારી શુસ્તરીથી મશહદમાં જ અદબીય્યાતે અરબ અને કુરઆને કરીમની તાલીમ લીધી હતી. આ દરમ્યાન આપને બુઝુર્ગ ઓલમાંઅથી ઈજાઝાએ રિવાયત મળી ગઈ હતી. ખાસ કરીને આપને મૌલા અબ્દુલ રશીદ બિન ખ્વાજાનુરુદ્દીન તબીબ શુસ્તરીથી આપે ઈજાઝાએ રિવાયત હાસિલ કર્યો. ખ્વાજા નુરુદ્દીનની મશહુર કિતાબ મજાલેસુલ ઈમામીયાહ છે.

કાઝી નુરુલ્લાહની હિન્દુસ્તાન તરફ હિજરત:

બાર વર્ષ મશહદે મુકદ્દસમાં તાલીમ અને તરબીયત પુર્ણ કયર્િ પછી શવ્વાલ મહિનાની શરુઆતમાં હિજરી સન 992માં આપ હિન્દુસ્તાન તરફ હિજરત માટે નીકળ્યા. મશહુર એ છે કે આપ હિન્દુસ્તાનમાં સીધા દરબારે અકબરમાં પહોચ્યા. અમુક લોકોએ આપની હિજરતનું અસલ કારણ એવું બયાન કર્યું છે કે તે સમયે મશહદમાં સતત મુસીબતો, દર્દનાક બનાવો, બગાવતો અને ઇન્કેલાબાતોનું થવુ અને તે સમયે હિન્દુસ્તાનમાં મોગલ બાદશાહ અકબરનો સમય હતો. અને તેને શાંતિ અને

સલામતીનો સમય માનવામાં આવતો હતો. આથી આપે એહલેબૈત (અ.મુ.સ)નું ઇલ્મ અને શિય્યતની પ્રચાર માટે આ ઝમીનને પોતાની હંમેશાની રહેવાની જગ્યા કરાર દીધી.

ઈતિહાસ તે વાતની ગવાહી આપે છે કે અકબરના દરબારમાં ઘણાબધા શિઆઓ મોટા મોટા ઓહદાઓ પર હતા અને અકબરથી ઘણાબધા નઝદીક હતા તેમાંથી બીરમમખાન, અલીકલીખાન, મીર મુર્તઝા શીરફી, હુસૈન ખાન ટકરયહ, શૈખ મુબારકલ્લાહ, અબુલ ફઝલ, ફૈઝી, હકીમ અબુલ ફતહ ગીલાની અને ફતહુલ્લાહ શીરાઝી હકીમ અબુલ ફઝલ હિજરી સન ૯૮૩માં હિન્દુસ્તાન આવ્યા હતા અને અકબરના નજીકના વર્તુળ માંહેના માણસ બની ગયા હતા.

ઉપર બતાવેલા નામોમાંથી ફતહુલ્લાહ શીરાઝી અને હકીમ અબુલ ફતહ ગીલાનીએ કાઝી નુરુલ્લાહની ઓળખ અને પરિચય બાદશાહ અકબરથી કરાવ્યો. તે સમયે અકબર લાહોરમાં હતો બે વર્ષ પછી આપ અકબરના હુકમથી કાઝીયુલ કઝાત મુખ્ય ન્યાયધીશનાં ઓહદા ઉપર આવ્યા હતા પરંતુ આપે આ ઓહ્દાને આ શર્તની સાથે કબુલ કર્યો

ન્યાયધીશનાં ઓહદા માટેની શર્ત:

આપે અકબરથી કહ્યું કે હું આ ઓહદોએ શરતની સાથે સ્વીકારીશ કે હું ખુદ પોતાની નઝરીયાત અને દલીલો ધરાવું છું તેમજ હું મસાએલ માટે ચારો ફીકહ (હનફી, શાફેઈ, માલીકી અને હમ્બલી ફિકહ)નો કૈદી નથી સમજતો પરંતુ હું આ ચારે ફીકહની બહારનો ફેંસલો નહિ આપું. આ ચારેય ફીકહ ઉપરથી નતીજો મેળવીને પછી ફેંસલો આપીશ. (કોઈ એક ફિકહ મુજબ ફેંસલો નહિ કરું)

બાદશાહે આ શર્ત કબુલ રાખી જ્યારે કે કાઝી નુરુલ્લાહ મઝ્હબે ઈમામીયા મુજબ જ ચુકાદો કરતા હતા, જ્યારે લોકો તેમના ચુકાદા ઉપર એઅતેરાઝ (વાંધો) કરતા તો આપ તેમને આ ચાર ફિકહમાંથી કોઈ એક ફિકહની રોશનીમાં ચુકાદાને સમજાવી દેતા. આવી રીતે પક્ષપાતી અને હસદ કરનારાઓનું શર્મની સાથે મોઢું બંધ થઇ જતું પરંતુ તેઓના પક્ષપાતી વલણ અને હસદમાં વધારો થતો ગયો પરંતુ અકબરના ઝમાનામાં પક્ષપાતી અને હસદખોરોનું કઈ ન ચાલ્યું. તેમની દાળ ન ગળી અને તેમના ષડયંત્રો નાકામ થઇ ગયા અને તે લોકો કાઝી નુરુલ્લાહને કોઈ નુકસાન ન પહોચાડી શક્યા, ત્યાં સુધી કે અકબર મરી ગયો અને તેનો દીકરો નુરુદ્દીન જહાંગીર તખ્ત પર આવ્યો અને તે બાદશાહ બન્યો. જહાંગીરને શહેઝાદાએ સલીમ પણ કહેવામાં આવે છે. સલીમ ચિશ્તી જહાંગીરનો સલાહકાર હતો. પરંતુ અમુક રિવાયતો મુજબ સલીમ ચિશ્તીની દોઆના કારણે જ જહાંગીર પૈદા થયો હતો અને તેના નામ પરથી જ સલીમ નામ રાખવામાં આવ્યું હતું.

ખુલાસો:

અકબરની રાજધાની લાહોરમાં હતી પરંતુ હિજરી સન ૯૮૧માં તેમણે દિલ્હીની નજીક યમુના નદીના કિનારે નવું શહેર વસાવ્યું, જેમનું નામ અકબરાબાદ રાખવામાં આવ્યું અને તેને જ પોતાની રાજધાની કરાર દીધી. પછીથી આ શહેરનું નામ આગ્રા થયું, જે આજ સુધી આ જ નામ છે. જૂની કિતાબોમાં કાઝી નુરુલ્લાહ શુસ્તરીનું દફનનું સ્થળ અકબરાબાદ લખવામાં આવ્યું છે.

દોસ્તોની મૌત અને મદદગારોનુ ચાલ્યું જવું:

કાઝી નુરુલ્લાહ પોતાના અમુક દોસ્તો અને ચાહવાવાળા અને બાદશાહોના વફાદાર લોકોના ઇન્તેકાલ અને પોતાના મદદગારોની કમીના કારણે બેસુકુન અને વ્યાકુળ હતા અને તે કોશિશમાં હતા કે ઈરાન પરત ચાલ્યા જાય પરંતુ તેમની આ કોશિશ કામ્યાબ ન થઈ. હકીમ અબ્દુલ ગીલાનીનો ઇન્તેકાલ પણ અકબર બાદશાહના આખરી ઝમાનામાં થઇ ગયો હતો. આથી આપ એકલા થઇ ગયા હતા. જહાંગીરના સમયકાળમાં અમુક પક્ષપાતી સુન્નીઓ કે જે આપનાથી દુશ્મની રાખતા હતા, તે લોકોની દુશ્મનીના કારણે આપનું જીવન સખ્ત થઇ ગયું હતું. આ વિષે ખુદ કાઝી નુરુલ્લાહનું બયાન ધ્યાન આપવા લાયક છે કે ઓલમાએ એહલે સુન્નત તેમની જુની પરંપરા મુજબ હાકીમને (રાજાને) બીજાના વિરુદ્ધ બહેકાવતા અને તેમાં ખાસ કરીને શિઆ આલિમોની વિરુદ્ધ ઘણી સખ્ત રીતે હાકીમોને બહેકાવતા. આથી આપ ફરમાવતા કે અમુક એહલે સુન્નતની દરમિયાન રીવાજ હતો કે જયારે હદીસ અને મોઅજીઝનુમા વાતના મતલબની સામે આજીઝ અને લાજવાબ થઇ જતા.

أَلَمْ تَرَ إِلَى الَّذِيْ حَاجَّ إِبْرَاهِيْمَ فِي رَبِّهِ أَنْ آتَاهُ اللهُ الْمُلْكَ إِذْ قَالَ إِبْرَاهِيْمُ رَبِّيَ الَّذِيْ يُحْيِيْ وَيُمِيْتُ

قَالَ أَنَا أُحْيِيْ وَأُمِيْتُ ۖ قَالَ إِبْرَاهِيْمُ فَإِنَّ اللهَ يَأْتِيْ بِالشَّمْسِ مِنَ الْمَشْرِقِ فَأْتِ بِهَا مِنَ الْمَغْرِبِ فَبُهِتَ الَّذِيْ كَفَرَ ۗ وَاللهُ لاَ يَهْدِيْ الْقَوْمَ الظَّالِمِيْنَ

"(અય રસૂલ!) શું તમે (નમરુદ)ની સ્થિતિ ઉપર નજર નથી નાખી જેણે ઈબ્રાહીમ સાથે તેના પરવરદિગાર સબંધી દુરાગ્રહ કર્યો એટલા માટે કે તે (નમરુદને) અલ્લાહે સલ્તનત આપી હતી. જયારે ઈબ્રાહીમે કહ્યું કે મારો પરવરદિગાર તે છે જે જીવાડે છે અને મારે (પણ) છે (ત્યારે) તેણે કહ્યું કે હું પણ જીવાડુ છું અને માં છું, (પછી) ઈબ્રાહીમે કહ્યું કે નિસંશય અલ્લાહ સૂયર્ને પૂર્વ બાજુએથી ઉગાડે છે (તો) તું તેને પશ્ચિમ બાજુએથી ઉગાડ, આથી તે નાસ્તિક ગૂંચવાડામાં પડયો અને અલ્લાહ ઝુલમગાર લોકોને માર્ગ દેખાડતો નથી.

(સુરએ બકરહ, આયત: 257)

અને જયારે હદીસ અને મોઅજીઝાના અર્થની સામે પોતાના જુઠ્ઠા દ્રષ્ટાંતો ખોટા સાબિત થતા ત્યારે દુશ્મનો જવાબ આપી શકતા ન હતા અને ઈલ્મની રોશનીમાં કોઈ પ્રશ્નનો ઉકેલ ન લાવી શકતા તો તલ્વાર, લાકડી અને કલમતરાશી વડે તેમનાથી વાદ-વિવાદ કરતા અને તેમાં પણ હારનો સામનો કરવો પડે તો તેના પર તોહમત લગાવતા અને હાકીમને તેના વિરુદ્ધ કાન ભંભેરણી કરતા અને આ કાર્યમાં પણ સફળ ન થાય તો તેના મૌતની તમન્ના કરતા.

હસદખોરો હંમેશા કોશિશમાં રહેતા કે કોઈ પણ રીતે કાઝી નુરુલ્લાહનું શિઆ હોવું સાબિત થઇ જાય. આથી એ લોકો અલગ અલગ પ્રકારના પ્રશ્નો કરતા. ઇતિહાસમાં ઘણા બધા પ્રસંગો મૌજુદ છે.

(1) મુફ્તિઓએ એક દિવસ સાંભળ્યું કે કાઝીએ અલી (અ.સ.) માટે અસ્સલાતો વસલ્લમ શબ્દ વાપર્યો છે આથી તે લોકોએ તેને બિદઅત કહ્યું અને કહ્યું કે આ વાક્ય (અસ્સલાતો વસલ્લમ) રસુલે ખુદા (સ.અ.વ.) માટે જ ખાસ છે અને આ રીતે આપના ખૂનને હલાલ હોવાનો ફતવો જાહેર કર્યો. બધાએ આ ફતવા પર સહી કરી દીધી અને અકબરની પાસે મોકલ્યો. બધાએ સહીઓ કરી હતી પરંતુ એક મુફ્તીએ સહી કરી ન હતી અને આ ફતવાનો વિરોધ કર્યો અને એક શેઅર લખીને અકબરની પાસે મોકલ્યો.

અગર લહમોક લહમી આ હદીસે નબવી છે તો પછી સલ્લે અલા વિના નામે અલી બે    અદબી છે.

(એહકાકુલ હકક આયતુલ્લાહ શાહબુદ્દીન નજફીની ઓળખાણ અને પ્રસ્તાવના શહીદ કાઝીનું જીવન માંથી ભાગ-1 પેજ: 159)

અકબર પર આ શેઅરની એવી અસર થઇ કે તે કાઝીના કત્લથી ફક્ત દુર જ ન રહ્યો, બલ્કે તેના દિલમાં કાઝી પ્રત્યે મોહબ્બત વધી ગઈ.

અકબરના દરબારમાં અસંખ્ય ઈલ્મી વાકેઆતો પેશ આવ્યા અને આ વાકેઆતોના મરકઝ કાઝી નુરુલ્લાહ હતા. અઈમ્માહ (અ.મુ.સ)ની મદદથી આપે શિઆ અકાએદને ખુબ મશ્હુર કર્યા

આપની હોશિયારી અને સમજણનો એક વધુ વાકેઓ જોઈએ:

(2) ચલબી તબ્રઝી જે ખાક્યા કબીલામાંથી હતા અને હિન્દુસ્તાનમાં ફઝલના નામે ઓળખાતા હતા અને તેમનો લકબ અલામી હતો તેને તનાહી અબઆદ (તનાહી અબઆદ: ફિલોસોફી ચચર્ઓિમાંથી એક છે ફિલોસોફીના પ્રમાણેની આ ચર્ચાછે, તેની હકીકત કાંઈ નથી. કાઝી સાહેબે આ બહસને રદ્દ કરી છે) આ બહસ વિષે દલીલ કાએમ કરી હતી. તેમના અમુક વિદ્યાર્થીઓ આ ચચર્નિો જવાબ મેળવવા આ લખાણને કાઝી નુરુલ્લાહ પાસે લાવ્યા. કાઝી નુરુલ્લાહે આ લખાણ વાંચ્યું અને તેની ઉપર લખ્યું اجلاف અમુક બેવકૂફ ખાલી દિમાગ (કમ અકલ) કહેવાય છે. જ્યારે આ લખાણ તબ્રઝીની પાસે પહોચ્યું તો તે જવાબ ન આપી શક્યા અને પરેશાનીની હાલતમાં બાદશાહની પાસે આવ્યા અને કહ્યું મીર નુરુલ્લાહે મને અજ્લાફ (મુર્ખ) કહ્યો છે અને જ્યારે જનાબ મીર અકબરના દરબારમાં આવ્યા તો તેમને કહ્યું લોકોની ઝબાન ઉપર એવું છે કે તમને શું થયું કે તમે ચલબી તબ્રીને અજ્લાફ લખી નાખ્યા છે.

કાઝી નુરુલ્લાહ સાહેબે જવાબ આપ્યો કે મેં તેમને ઇખ્લાફ اخلاف(જાનશીન / પછી આવનાર) લખ્યું છે, પણ તેમણે ખે ને બદલે જીમ પડ્યો છે.

આવી ચર્ચાઓ અને ઈલ્મી વાદવિવાદ ઇતિહાસમાં મૌજુદ છે.

કાઝી નુરુલ્લાહ સાહેબના પ્રકાશનો (કિતાબો):

સફ્વી હુકુમતના સમયમાં આપનો શુમાર મહાન આલીમોમાં થતો હતો. આપ શૈખ બહાઈ (ર.અ.)ના સમકાલીન હતા કે જેમનો શુમાર બહુજ બુદ્ધિશાળી લોકોમાં થતો હતો.

આપની કિતાબોની સંખ્યા લગભગ 140 કિતાબ, સામયિકો અને નોંધ (ફુટનોટ)ના સ્વરુપે મૌજુદ છે અથવા બીજા આલીમોની કિતાબોમાં મૌજુદ છે.

આપ શાયરીનો શોખ પણ ધરાવતા હતા અને નઝમ અને તેના દરેક પ્રકારોનાં બારામાં નિપુણતા ધરાવતા હતા. આપના અશઆરના કલામ પણ મૌજુદ છે આપનું ઉપનામ નુરી હતું. આપ અરબી અને ફારસી બંને ભાષાઓમાં શેર કહેતા. આપની મશહુર કિતાબોમાંથી આ ચાર કિતાબ બહુજ મશહુર છે (1) એહકાકુલ હકક (2) મજાલીસુલ મોઅમેનીન (3) અલ સવારેમુલ મોહર્રેકા (4) મસાએબુન્ નવાસીબ

અલ્લામાં અમીની (ર.અ.)એ તેમની કિતાબ શોહદા વલ ફઝીલતમાં લગભગ એકસો કરતા વધુ આર્ટીકલો અને ફુટનોટનો ઉલ્લેખ કર્યો છે અને તેવી જ રીતે આયતુલ્લાહ સૈયદ શાહબુદ્દીન હુસૈની મરઅશી નજફી એ એહકાકુલ હક્કના ત્રીજા ભાગની પ્રસ્તાવનાની ફુટનોટમાં હયાતે કાઝી શહીદના નીચે

મુઝાતહ વ મવલુકાતહનાં શીર્ષક નીચે 140 કિતાબોનો ઉલ્લેખ કર્યો છે. અમે તેમાંથી અમુક કિતાબોના નામ અહી લખીએ છીએ.

ઉપરોક્ત ચાર કિતાબો સિવાય ઇખ્વાતો મસાએલ સૈયદ હસન ગઝનવી, અલ્ઝામ અલ્નાસીબ ફી રદ્દે અલા અલ મિરઝા મખદુમશશરીફી, અલકામ અલ હિજરની અલ રદ અલ ઇબ્ને અલ હજર, બેહરુલ ગદીર ફી અસબાત તવાતર હદીસ અલ ગદીર તફ્સીરે કુરઆન કિતાબ ફી તફ્સીરે આયાત રુવયા હાસીયા અલ તહઝીબુલ એહકામ લીલ શૈખે તુસી, હાશીયાતો અલા ક્ધઝુલ ઈરફાન લીલ્ફાઝીલ અલ મીક્દાદ ફી આયાતીલ અહકામ, હાશીયતો અલ મબહસ અઝાબ અલ કબ્ર મીન શરહે કવાએદ અલ અકાએદ, હાશીયતો અલ હિદાયતે ફીલ ફીકહ અલ હનફી હાશીયતો અલા શર્હે અલ વેકાયત ફિલ ફિકહે, અલ હનફી દલાએલ શીયઅત ફિલ ઇમામત (ફારસી) દીવાનુલ કસાએદ દીવાનુલ શઅર, રિસાલાતો તફસીર ફિલ આયાતે ઇન્નમલ મુશરીકૂન નજસુન રીસાલાતો ફી રદ્દે શીયઅતે ફી તહકીકીલ ઈલ્મે ઇલાહી અલ લમએતો ફી સલ્લાતીલ જુમાહ અલ સહાબો અલ મતીર ફી તફ્સીરે આયાતે તતહીર શર્હે દોઆએ સબાહ વલ મસાઅ લે અલી (અ.સ.) (ફારસી) અલ શર્હે અલા સહીફતે કામેલાહ (સંપૂર્ણ નથી) અલ તઅલ્લીકતે અલ રવ્ઝાતુલ કાફી. વધુ કિતાબોના નામ માટે એહકાકુલ હક્કની પ્રસ્તાવના વાંચે.

ઔલાદ:

આપના પાંચ દીકરા હતા અને પાંચેય દીકરા આલીમ, બુધ્ધિશાળી, શાએરે નબીલ અને હોશિયાર હતા.

1) અલ્લામાં સૈયદ મોહમ્મદ યુસુફ બિન નુરુલ્લાહ અલ્હુસૈની કે જેમણે પોતાના પિતા અને બીજા ઉસ્તાદો પાસેથી ઇલ્મ હાસિલ કર્યું.

2) સૈયદ અલ્લામા શરીફુદ્દીન બિન નુરુલ્લાહ આપ આપના ઝમાનાના પ્રખ્યાત આલિમોમાંથી હતા.

19 રબીઉલ અવ્વલ હિજરી સન 992 અને રવિવાર ના દિવસે આપની વિલાદત થઈ.

પોતાના વાલીદથી ઈલ્મે હદીસ અને તફ્સીર અને ઈલ્મે કલામ શીખ્યા. મૌલાના અબ્દુલ્લાહ શુસ્તરીથી ઈલ્મે હદીસ અને શૈખ બહાઈથી ફીકહ સૈયદ તકીયુંદ્દીન અલ નસાબાહ શીરાઝીથી ઉસુલ અને ફિકહ સૈયદ મિઝર્િ ઈબ્રાહિમે હમ્દાનીથી ઇલ્મે મઆકુલ અને ઈલ્મે ઈરફાન હાસિલ કર્યું. આપના લખાણો આ મુજબ છે. હાશીયાહ અલ શર્હે અલ મુખ્તસર લીલ અઝદી અને ફુટનોટ અલ તફસીર અલ બય્ઝાવી અને હાશીયાહ અલ શર્હે અલ મતાલેઅ અન રીસાલાતો ફી ગુલ્સીયાત અલ ઓલુમ આપની વફાત જુમ્આના દિવસે 5 રબીઉલ આખર હિજરી સન 1020 આગ્રામાં થઇ અને ત્યાજ દફન થયા.

3) સૈયદ અલ્લામાં અલમલક બિન નુરુલ્લાહ પોતાના ઝમાનાના શ્રેષ્ઠ વ્યક્તિઓમાંથી હતા. ફીકહી, મોહદદીસ, ઇતિહાસકાર, ફિલોસોફર, વક્તા, શાએર હતા. પોતાના વાલીદથી અને બીજા આલિમોથી ઇલ્મ હાસિલ કર્યું. આપની પણ કિતાબો અને સંકલન છે. કિતાબ અન્વારુલ હોદા ફીલ ઈલાહીયાત અલ સેરાત અલ વસિત ફી અસ્બાતુલ વાજિબ મહફીલે ફિરદોસ (આ કિતાબમાં તેમને પોતાના ખાનદાનના હાલાત અને અમુક આલિમોની ઝીંદગી વિષે લખ્યું છે. આ લેખમાં પણ અમે અમુક માહિતી તેમાંથી અન્ય સ્રોત દ્વારા લીધી છે) અલ મહઝુબ ફિલ મંતિક સાહિબે સુબહે ગુલશનના પેજ 290 કે જે

ભોપાલથી પ્રકાશિત થયેલ છે કે આ મહાન સૈયદને સુલતાન શાહજહાએ પોતાના દીકરા મોહમ્મદ શુજાઅના માટે મોઅલ્લીમ નક્કી કર્યા હતા.

1) મોગલ બાદશાહના ઈતિહાસ ઉપર ધ્યાન દેવાથી ખબર પડે છે કે આ સલ્તનતના ઉચ્ચ હોદાઓ ઉપર અસંખ્ય શીઆઓના નામ શામિલ છે. કાઝી નુરુલ્લાહની જેમ તેમના દીકરાઓનો પણ પ્રભાવ હતો. મશહુર છે કે શાહશુજાઅના દરબારમાં ઘણા બધા ઈરાની આલિમો અને શાએરો મૌજુદ હતા. અબુલ મઆલી અલાઅલમુલક અને અલાઉદ્દીન કે જે કાઝી નુરુલ્લાહનાં ફરઝંદ હતા તે પણ શામિલ હતા. અલાઉલમુલ્ક એ શાહશુજાઅના ઉસ્તાદ હતા તેમની માતા મુમતાઝ કે જેના નામે તાજમહલ છે તે શિઆ હતી. મોગલોના મહેલોમાં શિઆ અકીદાઓ ધરાવનારા ઘણા બધા હતા અને શાહી ઔરતો પણ શિઆ અકીદાને માનનારી હતી અને ઈરાની ઔરતો ચારે તરફ ફેલાયેલી હતી. રાણી નુરજહાં (મેરુન્નીસા) જહાંગીરની પત્ની પણ શિઆ હતી. મુમતાઝ મહલ નુરજહાંની ભત્રીજી હતી.

4) સૈયદ અબુ અલ મઆલી બિન નુરુલ્લાહ એક હુશિયાર અને પવિત્ર ચારિત્ર્યવાળા આલીમ હતા. 3 ઝીલ્કાદ હિજરી સન 1004 અને જુમેરાતનાં દિવસે આપની વિલાદત થઇ અને રબીઉલ આખર હિજરી સન 1046માં આપની વફાત થઇ. આપે આપના ભાઈ અને મૌલા હસન શુસ્તરી અને સૈયદ મોહમ્મદ કાશ્મીરી વિગેરેથી ઇલ્મ હાસિલ કર્યું. આપની કિતાબો અને સંકલનમાં મોઅઝલાતુલ ઓલુમ, રીસાલાતો ફી નફી રોયત તઆલા, રીસાલતો ફીલ જબ્ર વ તફ્વીઝ, તઅલીકત અલા તફ્સીરુલ બય્ઝાવી, કિતાબો ફી શર્હ અલ્ફય્ત અલ નહવ

5) સૈયદ અલાઉદ્દદોઅલા રુલ્હ બિન કાઝી નુરુલ્લાહ એક અકલમંદ અને હોશિયાર શાએર હતા. 4 રબીઉલ અવ્વલ હિજરી 1012 હિન્દુસ્તાનમાં પૈદા થયા અને તેમને તેમના ભાઇઓથી અને મૌલાના મોહમ્મદ હિન્દીથી તેમણે ઉચ્ચ પ્રકારનું ઇલ્મ હાસિલ કર્યું. આપની પણ કિતાબો અને સંકલનમાં કિતાબ અલ બવારીકુલ હાફઝીય્યાહ વ રવાએદુલ આસેફાહ ફી અલરદ્દે અલા સવાએકુલ મોહર્રેકા, હાશીયાહ અલા શરહે અલ લુમઅહ, હાશીયાહ અલા અલમદારેક, હાશીયાહ અલા તફ્સીરુલ કાઝી, દીવાન શેઅર વિગેરે.

(એહકાકુલ હક્ક મઅ તાઅલીકાત પ્રસ્તાવના પેજ.100 થી 111)

શહાદત સમયની રીત:

આપની શહદાતમાં કોઈ ઇખ્તેલાફ નથી પરંતુ શહાદતની રીત સબંધે થોડો ઇખ્તેલાફ છે આપણા તમામ મહાન ઓલમાઓ જેમકે શૈખ અબ્બાસ કુમ્મી (ર.અ.), મોહદ્દીસે નુરી (અ.ર.), અલ્લામાં સૈયદ એજાઝહુસૈન મુફ્તી મોહમ્મદ કલી (અ.ર.) (સૈયદ એજાઝ અને હામીદ હુસૈન સાહેબ અબકાતુલ અનવાર બંને સગા ભાઈઓ છે અમુક લોકોનું કેહવું છે કે સૈયદ એજાઝ ઇલ્મની દ્રષ્ટિએ સૈયદ હામીદ હુસૈનથી વધુ અગ્રણી હતા આપના પિતાએ તેમને લાઈબ્રેરીનાં સરપરસ્ત મુકરર કર્યા હતા.), મૌલવી સૈયદ હામીદ હુસૈન ઇબ્ને મુફ્તી મોહમ્મદ કુલી, શૈખ હુર્રે આમેલી (અ.ર.), અલ્લામાં મુઝફ્ફર આકા બુઝુર્ગ તેહરાની, મોહમ્મદ તકી મજ્લીસી અલ્લામાં મજ્લીસીના પિતા, સૈયદ શાહબુદ્દીન મરઅશી આ સિવાયના બીજા અસંખ્ય ઓલમાએ હિન્દુસ્તાન અને ઈરાક અને ઈરાને આપની શહાદતનો ઝીક્ર

કર્યો છે. ત્યાં સુધી કે સુન્ની ઓલમાએ પણ આપની મઝલુમીય્યતભરી શહાદતનુ વર્ણન કર્યું છે. અમે અહી સંશોધનની રોશનીમાં શહાદતની રીતને તે રજુ કરીએ છીએ.

શહાદતનો પ્રસંગ એ મુજબ છે કે એ સમયે જહાંગીર રાજગાદી પર આવ્યો, તે સમયે કાઝી નુરુલ્લાહ ઓહદએ કાઝી (ન્યાયધીશ) ઉપર ફાએઝ હતા. વિરોધી ઓલમાઓને અને પક્ષપાતી આલીમોને કાઝી સાહેબનું શિઆ હોવું ખબર હતી અને તે લોકો બાદશાહોને વારંવાર ચુગલી (ચાડી) કરતા હતા કે આ શિઆ છે અને તે કોઈ મઝહબ (હનફી, શાફેઈ, માલીકી, હમ્બલી)ને અનુસરતા નથી અને તે ઈમામીયા મઝહબના પ્રમાણે ફતવાઓ આપે છે. બાદશાહે કહ્યું તેમને પહેલા શરત મૂકી હતી કે તે આ ચાર મઝહબમાંથી કોઈનાં સંપૂર્ણપણે પાબંદ નહિ રહે. તેઓ તેના સંશોધનના પ્રમાણે ફતવો આપશે. હવે પક્ષપાતીઓ એ ફિક્રમાં હતા કે ગમે તેમ કરીને તેમનું શિઆ હોવું સાબિત થઇ થઇ જાય. આથી ઇબ્ને ઝ્યાદ જેવી યોજના શૈતાને વિરોધી આલીમોને બતાવી અને એક ખબીસને આપની પાસે મોકલવામાં આવે અને પોતાને શિઆ તરીકે ઓળખાવે અને તેમણે લખેલી કોઈ કિતાબ લાવે અને એવુ જ થયું તે શખ્સ કાઝી નુરુલ્લાહના વિદ્યાર્થીઓમાં શામિલ થઇ ગયો અને પોતાની જાતને શિઆ તરીકે ઓળખાવા લાગ્યો અને એક લાંબા સમય સુધી તેમની પાસે રહ્યો ત્યાં સુધી કે કાઝી નુરુલ્લાહને તેમની પર ભરોસો આવી ગયો. એક દિવસ તેમને બહુ જ ખુશામત કરીને આપની લખેલી કિતાબ મજાલીસુલ મોઅમેનીન મેળવી લીધી અને પછી તેણે આ કિતાબ વિરોધી આલિમો અને મુફ્તિઓને પહોચાડી દીધી. આ લોકોએ આ કિતાબ બાદશાહ સુધી પહોચાડી અને કહ્યું કે આ કિતાબ આ રાફ્ઝીએ લખી છે અને તેમને સજા મળવી જોઈએ. બાદશાહે પૂછ્યું કે સજા શું હોવી જોઈએ? આ લોકોએ કહ્યું કે તેમને તાઝીયાનાથી (ચાબુકથી) મારવા જોઈએ. બાદશાહે આ કામને તેજ લોકોના હવાલે કરી દીધું. આ લોકોએ બહુજ જલ્દીથી આ હુકમ ઉપર અમલ કર્યો. એક કાંટાળો ચાબુક બનાવવામાં આવ્યો અને તેનાથી એટલું બધું મારવામાં આવ્યું કે આપના બદનનું બધુ જ ગોશ્ત ટુકડા ટુકડા થઇ ગયું અને આપ એ જ હાલતમાં શહીદ થઇ ગયા અને આપના જદ સૈયદુશશોહદા અબી અબ્દીલ્લાહ (અ.સ.)થી જઈને મળી ગયા. અમુક રિવાયાતોના પ્રમાણે આપના કપડાને શરીર પરથી ઉતારી લીધા હતા અને તાંબા અથવા લોઢાને પિગળાવીને આપના સર-મુબારક પર નાખવામાં આવ્યું ત્યાં સુધી કે આપના માથાના હાડકામાંથી હાડકાનો રસ થઈને બહાર આવ્યો અને આપની શહાદત થઇ ગઈ.

(એહકાકુલ હક્ક પ્રસ્તાવનામાંથી મઅ તઅલીકાત 158, 159)

શહાદતની તારીખ:

નીચે મુજબ નો શેર પરથી આપની તારીખે શહાદત ખબર પડે છે.

અફજદના કાયદા મુજબ અફ્ઝાલુલ એબાદ બરાબર 1019 થાય છે

અને તેજ રીતે કેહવાય છે કે સૈયદ નુરુલ્લાહ શહીદ = 1019

26 રબીઉલ આખર હિજરી 1019ની અર્ધી રાત્રે આપની શહાદત 64 વર્ષની ઉમરે થઈ.

શંકા:- ઇસ્મતના અકીદાના વિરોધીઓ ગુલુની આડમાં અલી (અ.સ.)ના શિઆઓને મેણા/ટોણા મારે છે. તેઓની માન્યતા અનુસાર શિયાઓનોએ અકીદો રાખવો કે અઈમ્માએ એહલેબેત (અ.મુ.સ.) મઅસુમ છે અને તેઓથી દુન્યવી કે આખેરતની બાબતમાં અલ્લાહની નાફરમાની અથવા ભૂલ થવાની કોઈ શક્યતા નથી. ખરેખર હદથી વટી જવું (ગુલુ) તેને ગુલુ કરવું કહેવાય છે. વિરોધીઓની માન્યતા પ્રમાણે ઇસ્લામમાં ઈસ્મતના અકીદાની કોઈ હકીકત જ નથી અને અઈમ્માએ એહલેબેત (અ.મુ.સ.) ત્યાં સુધી કે હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.)થી પણ (નઉઝોબીલ્લાહ) ભૂલ થવાની શક્યતા રહેલી છે.જવાબ:

કોઈ શખ્સનું એમ કેહવું કે ઇસ્લામમાં ઈસ્મતના અકીદાની કોઈ હકીક્ત નથી, તે તેની કુરઆનની ઓછી સમજની દલીલ છે, કારણ કે જેવી રીતે કુરઆનમાં અનેક જગ્યાએ અલ્લાહે તેના રસુલે (સ.અ.વ.)ની બિનશરતી ઇતાઅતનો હુકમ આપ્યો છે તે જ રીતે સુરએ નીસાઅની 59મી આયતમાં સાહેબાને અમ્ર (ઉલીલઅમ્ર) હઝરતોની પણ કોઈ પણ જાતની શરત વગર ફરમાબરદારીનો હુકમ આપ્યો છે.

ઈસ્મતના અકીદામાં બિલકુલ અતિશયોક્તિ નથી અને સુરએ નીસાની 171 મી આયત કે જેમાં ખુદાવંદે કરીમેં  નસારાની મઝીમ્મત કરી છે. અઈમ્માએ એહલેબેત (અ.મુ.સ.)ની ઈસ્મતને રદ નથી કરતી, કારણ કે દરેક શખ્સ એ વાતથી માહિતગાર છે કે શિઆ લોકો નસારાની જેમ અઈમ્માએ એહલેબેત (અ.મુ.સ.)ને ખુદા નથી માનતા. બલ્કે તેનાથી વિરુદ્ધ તેઓ આ હઝરતોને અલ્લાહની ઝમીન ઉપર અલ્લાહના પ્રતિનિધિઓ અને તેની હુજ્જતો અને મહાન અંબીયા (અ.મુ.સ.)ના જાનશીનો માને છે. (1) જનાબે અમીર (અ.સ.)નો હકની સાથે સંબંધ:ઈમામ અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) વિષે રસુલેખુદા (સ.અ.વ.)ની મશહુર હદીસ છે

عَلِیٌّ مَعَ الحَقِّ وَ الحَقُّ مَعَ عَلِیٍّ

'અલી (અ.સ) હક સાથે છે અને હક અલી (અ.સ.) સાથે છે.'

આ હદીસ ઈમામ અલી (અ.સ.) અને હક વચ્ચેના સંબંધને સ્પષ્ટ કરી રહી છે.આ હદીસ ઘણી બધી હદીસોમાંથી એક છે, જે મૌલાએ મુત્તકીયાનની વિલાયત, શ્રેષ્ઠતા અને ઈસ્મતનું એલાન કરી રહી છે.

એક બીજી રિવાયત જેની બંને ફીરકાઓએ નકલ કરી છે કે રસુલે કરીમ (સ.અ.વ.) ફરમાવે છે.

عَلِیٌّ مَعَ القُرآن وَ القُرآنُ مَعَ عَلِیٍّ

'અલી (અ.સ.) કુરઆનની સાથે છે અને કુરઆન અલી (અ.સ.)ની સાથે છે.'

કારણ કે અલી હક સાથે વાળી રિવાયતને બંને ફિરકાઓના આલિમોએ વધારે નકલ કરી છે અને શિઆ આલીમોએ આ રિવાયત દ્વારા એહલેસુન્નત ઉપર ખુબ જ દલીલો કરી છે. અમે પણ આ રિવાયત ઉપર વિગતવાર ચર્ચાકરવાની કોશિશ કરી છે.(2) એહલે સુન્નતના આલીમોની કિતાબોમાં ઉપરોકત રિવાયતની ચર્ચા:-

1) ખતીબે બગદાદી આ રિવાયતને પોતાની નકલ કરેલી સનદ ઉપરાંત જનાબે અબુઝર (અ.ર)ના ગુલામ જનાબ અબુસાબિતથી નકલ કરે છે કે જનાબે ઉમ્મે સલમાની ખિદમતમાં હતા. તેણી હઝરત અલી (અ.સ)નું વર્ણન કરી રહ્યા હતા. તેઓએ કહ્યું કે મેં રસુલે અકરમ (સ.અ.વ)થી સાંભળ્યું છે કે

عَلِیٌّ مَعَ الحَقِّ وَ الحَقُّ مَعَ عَلِیٍّ لَن یَفتَرِقَا
حَتّٰی یَرِدَا عَلَیَّ الحَوض

‘અલી (અ.સ) હકની સાથે છે અને હક અલી (અ.સ)ની સાથે છે અને આ બંને એકબીજાથી જુદા નહિ થાય ત્યાં સુધી કે તે બંને હૌઝે કવસર પર મારી પાસે પહોંચી જાય.’

(તારીખે તબરી ભા. 14, પે. 321)

2) હયસમીએ પણ આ હદીસને પોતાની સનદની સાથો સાથ સાદ બિન અબી વક્કાસની સાથે લખી છે કે જનાબે ઉમ્મે સલમાની રિવાયત નકલ કરી છે.

(મજમઉઝ્ઝ્વાએદ ભા.7, પે. 236)

3) ઇબ્ને કુત્બાહે દયનુરી મોહમ્મદ ઇબ્ને અબીબક્રથી રિવાયત નકલ કરી છે કે તેઓ પોતાની બહેન આયેશાની સાથે હતા અને તેમણે આયેશાની સાથે દલીલ કરતા પૂછયું કે શું તેણીએ રસુલુલ્લાહથી નથી સાંભળ્યું કે...... અલી (અ.સ) હકની સાથે છે.. તો કયા આધારે તેણીએ અલી (અ.સ)ની વિરુદ્ધ બગાવતનો ઝંડો ઉચો કરેલો??

(અલ ઈમામહ વસ્સિયાસત ભા-1, પે. 73)

4) ઝમખ્શરીએ નક્લ કર્યું છે કે જનાબે અબુસાબિતે જનાબે ઉમ્મે સલમાની ખિદમતમાં હાજર થવાની પરવાનગી માંગી તો આપે ફરમાવ્યું:- તમારું સ્વાગત છે. આવો અય અબુસાબિત! જયારે લોકોના દિલો વિવિધ દિશાઓમાં વળેલા હતા તો તમે કઈ તરફ રજુ થયા? જનાબે અબુસાબીતે કહ્યું:- અલી (અ.સ) તરફ..

જનાબે ઉમ્મે સલમાએ કહ્યું: તમે કામયાબ થઈ ગયા. અલ્લાહની કસમ! જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે, મેં રસુલે ખુદાથી સાંભળ્યું છે કે આપ (સ.અ.વ)એ ફરમાવ્યું:-

عَلِیٌّ مَعَ القُرْاٰنِ وَ القُرْاٰنُ مَعَ عَلِیٍّ لَن یَفتَرِقَا حَتّٰی یَرِدَا عَلَیَّ الحَوض

‘અલી (અ.સ) કુરઆનની સાથે છે અને કુરઆન અલી (અ.સ)ની સાથે છે અને આ બંને એકબીજાથી જુદા નહિ થાય ત્યાં સુધી કે તે બંને હૌઝે કવસર પર મારી પાસે પહોંચી જાય.’

(રબીઉલ અબરાર ભા. 1, પે. 828)

5) તીબરાની અને બીજા મોહદ્દદેસીનથી સહી સનદોની સાથે રસુલેખુદા (સ.અ.વ.)થી રિવાયત કરી છે કે આપ (સ.અ.વ)એ ગદીરના દિવસે ફરમાવ્યું:

اَللّٰہُمَّ وَالِ مَن وَالاَہُ وَعَادِ مَن عَادَاہُ... وَ احب من احبہ و ابغض من ا بغضہ و انصر من نصرہ ، و اخذل من خذلہ معہ وَادْرِ الْحَقَّ مَعَہٗ حَیثُ دَارَ

‘જેણે અલી (અ.સ)થી દોસ્તી કરે તું પણ તેનાથી દોસ્તી કર, જે પણ અલી (અ.સ)થી દુશ્મની કરે તો તું પણ તેનાથી દુશ્મની કર, જે પણ અલી (અ.સ)થી મોહબ્બત કરે તું પણ તેનાથી મોહબ્બત કર અને જે પણ અલી (અ.સ)થી બુગ્ઝ અને દુશ્મની રાખે, તું પણ તેની સાથે બુગ્ઝ અને દુશ્મની રાખ, જે પણ તેની મદદ કરે તું પણ તેની મદદ કર અને જે પણ તેમને અપમાનીત કરે તું પણ તેને અપમાનીત કર, જ્યાં પણ અલી (અ.સ) જાય હકને તેની તરફ ફેરવી દે.’

(મોઅજમૂલ અવસત ભા. 5, પે. 455 હ. 4877)

6) હાકીમ નીશાપુરી, તીરમીઝી અને બીજા મોહદ્દદેસીનેએ સહી સનદો સાથે રસુલેખુદા (સ.અ.વ)થી રિવાયત નકલ કરી છે કે આપ (સ.અ.વ)એ ફરમાવ્યું

رَحِمَ اللهُ عَلِيًّا، اَللّٰهُمَّ ادِرِ الحَقَّ مَعَهٗ حَيثُ دَارَ

'અય અલ્લાહ અલી (અ.સ) ઉપર રહેમ કરે. અય અલ્લાહ! હકને તે તરફ ફેરવી દે જે તરફ અલી (અ.સ) ફરે.'

(મુસ્તદરક અસ્ સહીહૈન ભા.3, પે. 134, હ. 4628) (જામેએ તીરમીઝી ભા.5, પે. 592, હ. 3724)

મોહમ્મદ ઇબ્ને ઉમર રાઝી (અમુક લોકો તેમને ફખરુદ્દીન પણ કહે છે) પોતાની તફસીર મફાતીહુલ ગય્બમાં લખે છે કે અલી (અ.સ) બિસ્મિલ્લાહીર્ રહમાનીર્ રહીમ હંમેશા ઉંચા અવાજેથી પઢતા હતા અને આ વાત મોતવાતીર સનદોથી સાબિત થાય છે કે જે પોતાના દીનમાં અલી (અ.સ)ને અનુસરશે તે હિદાયત પામેલો અને કામિયાબ થશે જેમ કે આખરી પયગંબર (સ.અ.વ)નું ફરમાન છે

اَللّٰهُمَّ اَدِرِ الحَقَّ مَعَهٗ حَيْثُ دَار

'અય અલ્લાહ! હકને તે તરફ ફેરવી દે જે તરફ અલી (અ.સ) ફરે.'

એટલા માટે આ અમલ માટે આ શ્રેષ્ઠ પુરાવો છે.

(તફ્સીરે મફાતીહુલ ગય્બ (જેને તફ્સીરે કબીરના નામથી પણ મશહુર છે) ભા. 1, પ. 205)

8) હાફીઝે ગંજા શાફેઈ અને ખ્વારઝમી બન્નેએ ઝૈદની સનદથી નકલ કર્યું છે કે રસુલે અકરમ (સ.અ.વ)એ હઝરત અલી (અ.સ)ના વખાણ કરતા ફરમાવ્યું બેશક હક તમારી સાથે છે, તમારી ઝબાન ઉપર છે, તમારા દિલમાં અને તમારી બંને આંખોની વચ્ચે છે અને ઈમાન તમારા ગોશ્ત અને લોહીમાં એવી રીતે હળી મળી ગયું છે કે જેવી રીતે મારા ગોશ્ત અને લોહીમાં ભળી ગયું છે.

(કીફયુત્તાલીબ પ્ર-62, પ. 265, મનાકીબે ખ્વારઝમી)

9) બીજાઓની સાથે સાથે અબુ અઅ્લાએ પણ જનાબે અબુ સઈદે ખુદરીની સનદથી રિવાયત કરી છે કે રસુલે અકરમ (સ.અ.વ) એ હઝરત અલી (અ.સ) તરફ ઈશારો કરતા ફરમાવ્યું: હક તેમની (અલી અ.સ.)ની સાથે છે અને તેઓ હકની સાથે છે.

(મુસ્નદે અબીલ અઅ્લા ભા. 2, પે. 318, હ. 1052)

10) હયસમીએ ખુદ પોતાની સનદથી જનાબે ઉમ્મે સલમા (સ.અ.)થી રિવાયત કરી છે કે અલી (અ.સ) હક ઉપર છે અને જેણે અલી (અ.સ)ની પૈરવી અને ઇતાઅત કરી તો બેશક તેણે હક્કની પૈરવી અને ઇતાઅત કરી અને અગર કોઈએ અલી (અ.સ)ને છોડી દીધા તો યકીનન તેણે હકને છોડી દીધો અને આ વાયદો આજના દિવસથી ઘણો પેહલા લઈ લેવામાં આવેલો છે.

(મજ્મઉલ ઝવાએદ ભા. 7, પે. 35)

11) હજુ એક રિવાયત છે જે ઉમ્મે સલમા (સ.અ)થી આ વિષય ઉપર ભરોસાપાત્ર સનદો સાથે વરીદ થઈ છે કે નબીએ અકરમ (સ.અ.વ) એ ફરમાવ્યું: અલી (અ.સ) કુરઆનની સાથે છે અને કુરઆન તેમની સાથે છે અને આ બંને હરગીઝ જુદા નહિ થાય ત્યાં સુધી કે મને હૌઝે કૌસર પર મળે.

(મુસ્તદરક અસ્સહીહૈન ભા. 3, હ. 4628, જામેઉસ્સગીર ભા. 2, પે. 177, હ. 5594, સવાએકે મોહર્રેકા પે. 71, હ. 124, મોઅજમુલ અવસત ભા.5, પે. 455, હ-4877)

3) ઉપરોકત હદીસ બારામાં એહલેસુન્નતના મોટા આલીમોની સર્વસંમતિ:એહલેસુન્નતના મોટાભાગના આલિમોએ આ હદીસને સનદના આધારે સહીહ ઠેરવી છે, તેમાંથી અમુક નામો નીચે વર્ણવ્યા છે.

1) હકીમ નિશાપૂરી પોતાની કિતાબ મુસ્તદરક અસ્સહીહૈનમાં આ હદીસ સહીહ ઠેરવી છે.

2) ઝહબી જો કે ઇબ્ને તયમીયાનો સમકાલીન છે. પોતાની કિતાબ તલખીસે મુસ્તદરકમાં આ હદીસ સહીહ જાણી છે.

3) હફીઝે તીબ્રનીએ આ હદીસના ભરોસાપાત્ર (હસન) હોવાનો ઈકરાર કર્યો છે.

4) અબુલ આઅલા મૌસુલી કહે છે કે આ હદીસના બધા રાવીઓ કોઈ પણ જાતના અપવાદ વગર ભરોસાપાત્ર અને વિશ્ર્વાસપાત્ર છે.

4) આ હદીસના બારામાં એહલે સુન્નતના આલીમોના વાંધાઓ અને તેના જવાબ:

1) તીરમીઝી કે જેણે પોતે આ હદીસને પોતાની કિતાબ જામેઅુસ્સહીહમાં નકલ કરી છે, આ હદીસની સનદને નબળી અને બિનભરોસાપાત્ર લખે છે.

-એહલે સુન્નતના હઝરાતની નઝદીક તીરમીઝીની નબળી હદીસ પણ ચર્ચામાં એક મજબુત હૈસીયત ધરાવે છે.

-બીજું એ વાત પણ ધ્યાનમાં રહે કે તીરમીઝીએ આ હદીસને નબળી એટલા માટે કહે છે કારણ કે આ હદીસ ખુદ તીરમીઝીના અકીદાની વિરુદ્ધ છે. કારણ કે તે અમીરુલ મોઅમેનીન (અ.સ)ને રસુલ (સ.અ.વ)ના સહાબીઓ અને તેમની પત્નીઓ કરતા અફઝલ માનતો નથી.

2) હય્સમીએ આ હદીસને પોતાની કિતાબ મજ્મુઝ્ઝવાએદમાં એક અવલોકન સાથે નકલ કરી છે આ રિવાયતની સનદમાં સાદ બિન શોએબ વિષે કહે છે કે હું તેને નથી ઓળખી શકયો, જયારે બાકીના બધા રાવીઓ ભરોસાપાત્ર છે.

અલ્લામા અમીની (ર.અ)એ હય્સમીના આ વાંધાનો જવાબ લખ્યો છે આપ કહે છે જે સાદ બિન શોએબના વિષે સવાલ કર્યો છે. જેને તે નથી ઓળખતો તે બીજું કોઈ નથી પરંતુ સઅદ બિન શોઅયબ અલ હરઝમી છે કારણ કે તેના નામમાં થોડો ફેરફાર થયો છે એટલે હય્સમી તેમને ઓળખવામાં મુંજવણમાં પડી ગયા અને એહલેસુન્ન્ત સાદ બિન શોઅય્બને ભરોસાપાત્ર અને વિશ્ર્વાસપાત્ર જાણે છે. દા.ત. શમ્સુદ્દીન ઈબ્રાહીમે જુઝાની નકલ કરે છે કે સાદ બિન શોઅયબ મશહુર, મુત્તકી અને ભરોસાપાત્ર વ્યક્તિ છે.

આ હદીસ પાકા પાયે અમીરુલ મોઅમેનીન (અ.સ) અને હક્ક વચ્ચેના સીધા સંબંધોને બયાન કરી રહી છે અને ઈમામે મુત્તકીન હઝરત અલી (અ.સ) તેમાં કેન્દ્રસ્થાને છે કે જેની આજુબાજુ હકને ફરવાનો અને તેની પૈરવી કરવાનો હુકમ આપ્યો છે. હવે મુસલમાનો માટે કોઈ છટકવાનો રસ્તો નથી અને આ સિવાય બીજો કોઈ રસ્તો જ નથી કે તેઓ એ હકીકતને કબુલ કરી કે મૌલાએ મુત્તકીયાન ઈમામ અલી

ઇબ્ને અબી તાલીબ (અ.સ) રસુલે ખુદા (સ.અ.વ.)ના અસ્હાબ અને તેમની પત્નિઓ કરતા ખુદાવંદે આલમની બારગાહમાં બહુજ ઉંચો મરતબો ધરાવે છે.

## શું અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.)એ જ. ફાતેમા ઝહરા (સ.અ.)નો બચાવ કર્યો હતો જ્યારે તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો?

અમુક મુસલમાનો કહે છે કે અમીરુલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.)એ દુખ્તરે રસુલ જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.)નો બચાવ નહોતો કર્યો જ્યારે લોકોએ તેમના ઉપર હુમલો કર્યો જ્યારે કે તેઓ એક બહાદુર અને શક્તિશાળી વ્યક્તિ હોવાના કારણે તેમણે તેમનો બચાવ કરવો જોઈતો હતો!!!

**જવાબ:** 'હક અલી (અ.સ.)ની સાથે છે અને ત્યાં છે જ્યાં અલી (અ.સ.)છે.'

આ સવાલને રજુ કરવાની રીતથી સ્પષ્ટ થઇ જાય છે કે આ સવાલ ફક્ત અલી (અ.સ.)અને તેમના શિઆઓ સાથે દુશ્મનીના કારણે ઉભો કરવામાં આવ્યો છે અને આ સવાલ ખાસ કરીને શિઆઓને ફસાવવા માટે બનાવવામાં આવ્યો છે કારણ કે અગર તેઓ કહે કે ઈમામ અલી (અ.સ.)એ જનાબે ફાતેમા (સ.અ.)નો બચાવ કર્યો હતો તો મુસલમાનો કહેશે કે તો તેમણે રસુલુલ્લાહ (સ.અ.વ.)ની સબ્રની વસીય્યતનુ ધ્યાન ન રાખ્યું અને પાલન ન કર્યું અને અગર તેઓ એમ કહે કે તેમણે તેમનો (જનાબે ફાતેમા સ.અ.)નો બચાવ ન કર્યો તો તેઓ કહેશે કે તેઓ બહાદુર ન હતા અને તેમની બહાદુરીના કિસ્સા બધાજ વ્યર્થ છે અને એટલુજ નહિ બલ્કે તેઓ પોતાના રહેબરોની બેગુનાહી સાબિત કરવા માટે કહે છે કે હકીકતમાં આ હુમલો વિગેરે કંઈપણ બન્યું ન હતું (આ તેઓનો અસલ હેતુ છે).

એટલુ જ નહિ બલ્કે તેઓ પોતાના રેહબરોની બેગુનાહી સાબિત કરવા માટે કહે છે કે હકીકતમાં આ હુમલો વિગેરે કંઈ પણ બન્યું ન હતું (આ સવાલ ઉઠાવવા પાછળનો તેઓનો મૂળ હેતુ આજ છે.)

ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ઉપર વાંધો ઉપાડનારાઓ બાબતે અમારો પ્રથમ અને નિશ્ચિત જવાબ એ છે કે તેઓ ક્યારેય ખોટું કામ નથી કરી શકતા તેઓ બંને પરિસ્થિતિઓમાં સાચા છે, અગર તેઓએ જનાબે ફાતેમા (સ.અ.)નો બચાવ કર્યો હોય કે ન કર્યો હોય કારણ કે રસુલે અકરમ (સ.અ.વ.) એ સ્પષ્ટ શબ્દોમાં આ વાત કહી છે કે અલી (અ.સ.) હક સાથે છે અને હક અલી (અ.સ.) સાથે છે અય અલ્લાહ હકને તે તરફ લઇ જા જ્યાં અલી (અ.સ.) જાય છે.

તમામ મુસલમાનોએ આ હદીસને સહીહ અને ભરોસાપાત્ર હોવાનું સ્વીકાર્યું છે તેથી કોઈને તે અધિકાર નથી કે તેઓ અલી (અ.સ.)ના કાર્ય બાબતે વાંધો ઉપાડે ભલે પછી તે કામ દેખીતી રીતે આશ્ચર્ય પમાડનાર અને અસ્વીકાર્ય કેમ ન હોય જેવી રીતે કોઈ મુસલમાનને અધિકાર નથી કે તે અલ્લાહને સવાલ કરે કે શા માટે તેણે મલાએકાને જનાબે આદમ (અ.સ.)ને સજદો કરવાનો હુકમ આપ્યો જ્યારે કે તે તૌહીદના સિદ્ધાંતોની વિરુદ્ધ છે? તો શું કોઈ એવું છે કે અલ્લાહને તૌહીદ શીખવાડે? તે એવું જ છે કે જેવી રીતે કોઈ અમીરુલ મોઅમેનીન (અ.સ.)ને હક શીખવાડે?

ઈમામ અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.)એ કરેલો વિરોધ (એહતેજાજ):અમીરુલ મોઅમેનીન (અ.સ.)એ જનાબે ફાતેમા (સ.અ.) ઉપર હુમલો કરનારાઓ વિરુદ્ધ બચાવ કર્યો હતો અને તેઓને દેખાડી દીધું હતું કે તેઓ જ તેમનો જડબાતોડ જવાબ આપી શકે છે અને તેની શક્તિ ધરાવે છે તેઓએ ઉમર ઈબ્ને ખત્તાબને પાછો ખસેડ્યો અને તેમના ઉપર પ્રભુત્વ મેળવી લીધું અગર ઈમામ અલી

(અ.સ.)એ વળતો જવાબ ન આપ્યો હોત તો શક્ય હતું કે તે લોકો જનાબે ઝહરા (સ.અ.)ને શહીદ કરી નાખતે. ઉમરે તો એમ પણ ધમકી આપી હતી કે તે ઘરને તેના રહેવાસી સહિત સળગાવી દેશે.

પરંતુ અમીરુલ મોઅમેનીન (અ.સ.) રસુલે અકરમ (સ.અ.વ.)ની વસીય્યતના પાબંદ હતા કે અય અલી (અ.સ.) જ્યાં સુધી તમારા એટલા પ્રમાણમાં મદદગાર સાથીઓ ન હોય ત્યાં સુધી તલવાર ન ઉપાડતા અને સબ્ર અને ધીરજથી કામ લેજો. આ વાતને ખુદ ઈમામ અલી (અ.સ.)એ ફરમાવી છે અગર મારી પાસે અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.)ના મુખ્લીસ બંદાઓ આ ઘેટાઓ (જેની સંખ્યા 30 હતી) જેટલા પણ હોત તો હું માખી ખાનારના દીકરાને પદભ્રષ્ટ કરી દેત. (આનાથી મુરાદ ગાસીબે ખિલાફત છે કારણ કે તેના મા-બાપનું કામ અબ્દુલ્લાહ બિન જુદાન સીશ્શીમીના દસ્તરખ્વાન ઉપરથી માંખીઓ ઉડાડવાનું હતું આ કામનું મહેનતાણું રુપિયા-પૈસા (માલ) ન હતો બલ્કે દસ્તરખાન ઉપર બચેલી વસ્તુઓની ખાવાનું અથવા તો જે માંખીઓ તેઓએ મારી નાખી હતી તેને ખાવાનું એટલેજ તેને આ કુન્નીયત અબુ કહાફાથી બોલાવવામાં આવતો હતો.

(અલ કાફી, ભાગ-8 (41-31)હદીસ-5, તાલીતુયાનો ખુત્બો)

ઈમામ અલી (અ.સ.)એ તે તમામ કાર્યોને અંજામ આપ્યા જેથી કરીને દલીલ સ્થાપિત થઇ જાય અને આવનારી પેઢીઓ એમ ન કહી શકે કે ઈમામ અલી (અ.સ.)એ ઓછામાં ઓછો અણગમો પણ કેમ જાહેર ન કર્યો જેથી અમને જાણ થતે કે ઈમામથી તે પરિસ્થિતિઓથી રાજી ન હતા.તેમણે ઉમરને કત્લ ન કર્યો કારણ કે તેમને ખબર હતી કે તેનાથી રસુલે અકરમ (સ.અ.વ.)ની વસીય્યતનું ઉલંઘન થશે. ઈમામ અલી (અ.સ.) ઉપર જનાબે યુસુફ (અ.સ.)ની જેમ તેમની નિય્યતના કારણે આરોપ ન લગાડી શકાય જેમ કે કુરઆનમાં છે.

અને ખરેખર તે સ્ત્રીએ તેમનાથી બુરાઈનો ઈરાદો કર્યો અને તેઓ પણ ઈરાદો કરી બેસતે અગર તેઓએ પોતાના પરવરદિગાર દલીલ ન જોઈ લીધી હોત (કિતાબે સુલેમ બિન કૈસ હિલાલી લેખક મુસ્લિમ બિન કૈસ હિલાલી, વફાત હી.80) પાના 567 રુહુલ મઆની ફી તફસીરીલ કુરાનીલ અઝીમ લેખક સૈયદ મોહમ્મદ આલુસી બગદાદી (વફાત હી. 1270) ભાગ-3 પા-124, ખસાએસુલ અઈમ્માહ લેખક અબુલ હસન મોહમ્મદ બિન હુસૈન બિન મુસા અલ મુસવી અલ બગદાદી શરીફ રઝી. (વફાત હી.સ. 460) લેખક ડો. મોહમ્મદ હાદી અમની પા-73.માર્યાદિત પ્રતિક્રિયા:

હઝરત અમીરુલ મોઅમેનીન (અ.સ.)એ હુમલો કરનારાઓનો મુકાબલો એવી રીતે ન કર્યો જેવી રીતે આપ (અ.સ.)એ બદ્ર અને ઓહદના કાફીરોની સાથે કર્યો હતો. કારણ કે આપ (અ.સ)ને ડર હતો કે આ રીતે મુકાબલો કરવાથી મુસ્લિમ ઉમ્મતમાં ભાગલા પડી જશે અને હું તેનો જવાબદાર ઠેહરાવવામાં આવીશ. આ બિલ્કુલ એવી રીતે હતુ જેવુ જનાબે હારુન (અ.સ.)નું ખામોશ રેહવું, જ્યારે બની ઇસરાઇલ ગાયની પુજા કરવા લાગી અને આ રીતે તે બની ઈસરાઈલના લોકો શિર્ક અને મુર્તીપુજામાં સપડાઈ ગઈ.

(અલ ઇસ્તીઆબ ફી મઅરેફતીલ અસહાબ લેખક: યુસુફ બિન અબ્દુલ્લાહ બિન મોહમ્મદ બિન અબ્દુલ બરર (હી.સ.463) ભાગ-2 પા-497, શરહે નહ્જુલ બલાગાહ અબુ હમીદ ઇઝ્ઝુદ્દીન બિન

હેબતુલ્લાહ બિન મોહમ્મદ બિન અબીલ હદીદ અલ મદાએફી અલ મોઅતઝાલી (વફાત હી.સ.655) ભાગ-1 પા-184)

બે રસ્તાઓ દરમ્યાન એકની પસંદગી:

જ્યારે અમીરુલ મોઅમેનીન (અ.સ.)ના ઘર ઉપર હુમલો કરવામાં આવ્યો ત્યારે તેમની પાસે બે રસ્તાઓ હતા. એક એ કે રસુલે અકરમ (સ.અ.વ.)ની પ્યારી દુખ્તર અને તેમના જીગરના ટુકડા જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ઉપર જ્યારે જીવલેણ હુમલો થયો તેની પ્રતિક્રીયા રુપે તેના જવાબ આપે કે જેના લીધે મુસલમાનો દરમ્યાન ભાગલાઓ પડી જાત અથવા એ રસ્તો કે ઝુલ્મને સહન કરી લે તે જે ઈસ્લામ માટે બેહતર હતું. આપ (અ.સ.)એ નહ્જુલ બલાગાહમાં ખુત્બા નં. 3 (ખુત્બ એ શીકશીકયા)માં ફરમાવ્યું છે:

'અને હું વિચારવા લાગ્યો કે શું હું (મારા) કપાએલા હાથો વડે હુમલો કં કે પછી આ ઝુલ્મ ઉપર સબ્ર કરી લઉં કે જેના સદમામાં મોટા-ઝરુફ અને નાના-ઘરડા થઈ જાય અને મોઅમીન ગમ અને સદમો ઉઠાવતો રહે. ત્યાં સુધી કે પોતાના પરવરદિગારથી મુલાકાત કરે. મને આ (મુસીબત) ઉપર સબ્ર કરવું જ યોગ્ય લાગ્યું. આથી મેં સબ્ર કરી, (પરંતુ) એવી રીતે કે (આ સદમાના લીધે મારી) આંખમાં કણુ પડયુ હોય અને ગળામાં હાડકુ ફસાય ગયુ હોય.'

અગાઉના નબીઓની સાથે સામ્યતા:

સખ્ત કસોટીમાં સબ્ર કરવું ઇસ્લામમાં કોઈ નવી બાબત નથી. ઘણા બધા અગાઉના નબીઓ જેમણે સખ્ત તકલીફ અને અત્યાચારો ઉપર સબ્ર અને ધીરજથી કામ લીધું છે. આવા સવાલો તરફ નિર્દેશ કરે છે જે આજનો મુસલમાન ઉઠાવી રહ્યો છે તો પછી શા માટે તે નબીઓ (અ.સ.)એ ઝાલીમોની સામે વિરોધનો પરચમ બલંદ નથી કર્યો?

ઈમામ અલી (અ.સ.)ને પુછવામાં આવ્યું કે તમે (અ.સ.) અબુબક્ર અને ઉમર સાથે જંગ કેમ ન કરી જ્યારે કે તલ્હા, ઝુબેર અને મોઆવિયાની સાથે તમે મુકાબલો કર્યો?

આપ (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું: મારામા નબીઓના ઉદાહરણો છે જેમાંથી એક હઝરત નૂહ (અ.સ.) છે કે જેમણે કહ્યું બેશક હું પરાજીત થયો છું તું મારી મદદ કર (સુ.કમર:10) તફ્સીરે નુરુસ્સક્લૈન સુરે કમર: 10 ની તફ્સીરમાં વર્ણન છે તે એહ્તેજાજ શેખ મન્સુર એહમદ બિન અલી અત્તબરસી (ર.અ).

હઝરત લુત (અ.સ.)ના ઘર પર પણ હુમલો કરવામાં આવ્યો હતો અને હુમલો કરનારાઓએ ધમકી આપી હતી કે અગર તેઓએ તે ખુબ સુરત જવાનોને (મલાએકાને) તેઓને ન સોપ્યા તો તેઓ તેમનું અપહરણ કરી લેશે. હઝરત લુત (અ.સ.)એ તેઓને વિનંતી કરી કે તેના કરતા બહેતર છે કે તેઓ તેમની કૌમની છોકરીઓ સાથે શાદી કરી લે.

હઝરત લુત (અ.સ.)એ પોતાના ઘરના લોકોના બચાવમાં હુમલો કરનારાઓ વિરુદ્ધ શા માટે કોઈ પગલા ન લીધા? અને ફક્ત સબ્રથી કામ લીધું. શું અમીરુલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ)એ પણ હુમલો કરનારાઓની સામે સબ્રથી કામ ન લીધું?ઉસ્માન બિન અફ્ફાને પોતાની પત્નીનો બચાવ ન કર્યો:

આ મુસલમાનો કે જેઓ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ઉપર આંગળી ચીંધે છે. તેઓને જોઈએ કે તેઓ ઇતિહાસને વાંચે અને જોવેકે આવી હાલતોમા બીજાઓની પ્રતિક્રિયા શું રહી છે? તો ખરેખર તેઓ પામશે કે મુસલમાનોએ ત્રીજા ઘડી કઢાયેલા ખલીફા ઉસ્માન બિન અફ્ફાનના ઘર ઉપર પણ હુમલો કર્યો હતો. તેઓએ વિરોધ કરવો જોઈતો હતો કે શા માટે ઉસ્માન તેની પત્નીનો બચાવ કરવામાં નિષ્ફળ રહ્યો? જ્યારે મુસલમાનોએ તેના ઘરને ઘેરી લીધું અને તેના ઉપર અને તેની પત્ની ઉપર હુમલો કર્યો અને તેની આંગળીઓ કાપી નાખી અને તેના દાંત તોડી નાખ્યા જ્યારે તે તો લશ્કરનો સરદાર હતો તે ઉપરાંત મોઆવીયા બિન અબુ સુફયાન કે જે તેના સગાવ્હાલો હતો અને તેની પાસે પણ પોતાનું લશ્કર હતું જે કોઈપણ વિલંબ વિના મદદ માતે મદીના પહોચી શકતો હતો! તેથી સૌથી મહત્વનો સવાલ એ છે કે શા માટે મોઆવીયાએ ઉસ્માનનો બચાવ ન કર્યો?